CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com


LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૦ | ગુરૂવાર, તા.૧૮-૦૪-૨૦૨૪ | અંક : ૯૭ | વર્ષ : ૧૯ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# કાળજાળ ગરમી સાથે ગુજરાત બન્યું અગન ભઠ્ઠી

## ભાવનગર, જૂનાગઢ અને પોરબંદરમાં રેડ એલર્ટ : ૪૪ ડિગ્રીએ પહોંચી શકે છે તાપમાનનો પારો : સિવિયર હીટ વેવની આગાહી



ભાવનગર

ગુજરાત છેલ્લા ત્રણ દિવસથી અગનભઠ્ઠી બન્યું છે. ઉત્તર-પૂર્વના ગરમ પવનો સીધા જમીન તરફ આવતાં રાજ્યના મોટાભાગનાં શહેરોમાં ગરમી વધી ૧૭ એપ્રિલને બુધવારે રાજ્યનું સૌથી વધારે તાપમાન અમરેલીમાં ૪૪ ડિગ્રી નોંધાયું હતું. આજે પણ રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં ૪૧ ડિગ્રીને પાર તાપમાન નોંધાવાની શક્યતાઓ છે. હવામાન વિભાગના જણાવ્યું મુજબ, હજુ પણ આ?વનારા બે દિવસ ગરમીનું જોર યથાવત્ રહેશે.

આજે મહત્તમ તાપમાન ૪૦થી ૪૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે.

હીટવેવને હળવાશથી લેવાની જરૂર નથી. કારણ કે, ગુજરાતમાં છેલ્લાં ૧૧ વર્ષમાં હીટવેવના કારણે ૨૯૫ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના ૨૦૧૧થી ૨૦૨૨ સુધીના એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટના આંકડાઓમાં આ ખુલાસો થયો છે. ૨૦૧૫માં સૌથી વધારે ૫૨ મૃત્યુ થયાં હતાં, જ્યારે ૨૦૧૪માં ૪૫ મૃત્યુ થયાં હતાં. હવામાન વિભાગ દ્વારા આજે પોરબંદર, જૂનાગઢ અને ભાવનગરમાં ગંભીર હીટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે કચ્છના ઘણા વિસ્તારમાં પણ હીટવેવ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.


## અમદાવાદમાં અમિત શાહનો રોડ શો : હજ્જારોની મેદની ઉમટી



અમદાવાદ,

ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ ૧૯ એપ્રિલના રોજ ઉમેદવારી ફોર્મ ભરવા જવાના છે. તે પહેલાં આજે ૧૮ એપ્રિલના રોજ ગાંધીનગર લોકસભા હેઠળ આવતા સાણંદ APMC સર્કલ ખાતેથી રેલી યોજી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઊમટી પડ્યા હતા. અમિત શાહ રેલી શરૂ થવાની હતી એ સ્થળે પહોંચતા જ કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## જૂતા ઉતારી ટેબ્લેટ ખોલીને મોદીના રામલલાને ઓનલાઈન પ્રણામ



રામલલાના મસ્તકને સૂર્ય કિરણથી પ્રકાશિત કરાયું હતું. ૫૦૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એવો મોકો મળ્યો છે જ્યારે રામલલાને સૂર્ય તિલક કરાયું છે. અન્ય શ્રધ્ધાળુઓની માફક વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. મોદીએ અસામ યાત્રા દરમિયાન પ્લેનમાં બેઠા બેઠા સૂર્ય તિલકનું લાઈવ પ્રસારણ જોયું હતું. પીએમએ પોતાના એક્સ હેન્ડલ પર તેની તસવીર પણ મુકી છે. જેમાં દેખાય છે કે કેવી રીતે તે પોતાના જૂતા ઉતારીને ખુરશી પર બેઠા છે. તેમના હાથમાં ટેબ્લેટ છે જેના દ્વારા તે સીધું પ્રસારણ જોઈ રહ્યા છે. તેમણે પોતાનો જમણો હાથ પ્રણામમાં છાતી પર લગાવી રાખ્યો છે.આ તસવીર શેર કરતા સોશિયલ મિડીયા એકાઉન્ટ પર લખ્યું છે કે નલવાડીની સભા બાદ મને અયોધ્યામાં રામલલાના સૂર્ય તિલકનો અદ્વિતીય ક્ષણ જોવાનું સૌભાગ્ય મળ્યું હતું.

## કરિયાણાની દુકાન પર પણ મળશે શરદી - તાવની દવાઓ

### નવી કેન્દ્ર સરકારમાં નિર્ણય લેવાની તૈયારી

નવીદિલ્હી,

શરદી, ઉધરસ અને તાવ માટે વપરાતી દવાઓ કરિયાણાની દુકાનો પર પણ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે. કેન્દ્ર સરકાર OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર દવાઓ માટે પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. આ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી જે તેના પર વિચાર કરી રહી છે.

OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર એટલે એવી દવાઓ કે જે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચી શકાય. આ નીતિ અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પહેલેથી જ અમલમાં છે. હવે તેને ભારતમાં લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. આ સમિતિ આ દિશામાં કામ કરી રહી છે. આ કમિટીએ અત્યાર સુધીમાં આ સંદર્ભમાં ઘણા સૂચનો મેળવ્યા છે. જો કે હજુ સુધી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

રિપોર્ટ અનુસાર, સરકાર ગ્રામીણ વિસ્તારોને ધ્યાનમાં રાખીને આ પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. વાસ્તવમાં ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની અછત છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મેડિકલ સ્ટોર પણ ઓછા છે. આવી સ્થિતિમાં ઘણી વખત લોકોને જરૂરી દવાઓ પણ નથી મળી શકતી. ઘણા કિસ્સાઓમાં, સમયસર જરૂરી દવાઓ ન મળવાને કારણે દર્દીઓની સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. આ કારણોસર, સમિતિ દ્વારા ઓટીસી અંગેના સૂચનો આપવામાં આવ્યા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં, આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલ દ્વારા નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિને ભારતની ઝ દવા નીતિ ઘડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે સમિતિ દ્વારા ડ્રાફ્ટ પણ રજૂ કરવામાં આવ્યો છે. કાઉન્ટર પર વેચી શકાય તેવી દવાઓની યાદી પણ આપવામાં આવી છે. ભારતમાં હજુ સુધી એવો કોઈ નિયમ નથી. જો દવાને માત્ર પ્રિસ્ક્રિપ્શન તરીકે ન કહેવામાં આવે, તો તેને OTC ગણવામાં આવે છે, જો કે આ અંગે કોઈ નિશ્ચિત નિયમ નથી. સરકાર આને નિયમોના દાયરામાં લાવીને આવશ્યક દવાઓની સુલભતા વધારવાનો પ્રયાસ કરી રહી છે.

## મુર્શિદાબાદમાં રામ નવમીની શોભાયાત્રામાં પથ્થરમારો

### હિંસક અથડામણમાં સંખ્યાબંધ લોકો ઘાયલ

મુર્શિદાબાદ,

પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર રામ નવમી દરમિયાન હિંસાની ઘટના સામે આવી છે. બુધવારે બંગાળના મુર્શિદાબાદમાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન અથડામણ થઈ હતી, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. મુર્શિદાબાદના શક્તિપુર વિસ્તારમાં એક સરઘસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં ૨૦ લોકો ઘાયલ થયા હતા. બુધવારે સાંજે શક્તિપુરમાં એક શોભાયાત્રા દરમિયાન વિસ્ફોટ થયો હતો, જેમાં એક મહિલા ઘાયલ થઈ હતી.

ઘટનાના કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં લોકો ધાબા પરથી પથ્થરમારો કરતા જોઈ શકાય છે. પથ્થરબાજી બાદ ભીડ ઉગ્ર બની હતી. જેને કાબુમાં લેવા પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા. પથ્થરમારાના કારણે ઘાયલ થયેલા લોકોને બહેરામપુરની 'મુર્શિદાબાદ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં' દાખલ કરવામાં આવ્યા છે.

આ ઘટનાને લઈને ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જીની સરકારને ઘેરી છે. પથ્થરબાજી અંગે પક્ષે કહ્યું છે કે આ વર્ષે પણ પોલીસ રામ ભક્તોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહી છે. ભાજપે કહ્યું કે ગયા વર્ષે પણ પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળતાને કારણે દલખોલા, રિશ્રા અને સેરામપુરમાં શોભાયાત્રા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે પણ સરકારી તંત્રની સંપૂર્ણ પરવાનગી બાદ નિકળેલી રામ નવમીની શાંતિપૂર્ણ શોભાયાત્રા પર શક્તિપુરમાં અસામાજીક તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે.

## ગલ્ફ દેશો જળબંબાકાર, ૮૨ એ જીવ ગુમાવ્યા

### અબુ ધાબી, દુબઈ અને અલ આઈન જેવા શહેરોમાં પણ ભારે વરસાદને કારણે પૂર

અબુધાબી,

છેલ્લા ૨ દિવસથી ખરાબ હવામાનને કારણે પાકિસ્તાન અને ગલ્ફ દેશોમાં પૂર જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પાકિસ્તાન, ઓમાન અને UAEમાં અત્યાર સુધીમાં ૮૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં ભારે વરસાદને કારણે પાકિસ્તાનમાં ઈમરજન્સી લાદવામાં આવી છે. ત્યાં અત્યાર સુધીમાં ૬૩ લોકોના મોત થયા છે.

દરમિયાન દુબઈમાં ખરાબ હવામાનને



કારણે ભારતથી ૨૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. તેમાં ભારત આવતી ૧૩ ફ્લાઈટ્સ અને ભારતથી દુબઈ જતી ૧૫ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

### પાકિસ્તાનમાં ૨૨ એપ્રિલ સુધી ભારે વરસાદ પડવાની ચેતવણી

પાકિસ્તાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ બલૂચિસ્તાનના ચિત્રાલ, દાર, સ્વાત, એબોટાબાદ, ખૈબર પખ્તુનખ્વાના લોકોને તેમના ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે. પાકિસ્તાન હવામાન વિભાગે ૨૨ એપ્રિલ સુધી સમગ્ર દેશમાં ભારે વરસાદ અને કરા પડવાની ચેતવણી જારી કરી છે.

## જમ્મુ કાશ્મીરમાં મજૂરની ગોળી મારીને આતંકવાદીઓએ કરી હત્યા

### આતંકીઓએ બે મજૂરને નિશાન બનાવ્યા

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ બિહારના એક મજૂરની ગોળી મારીને હત્યા કરી નાખી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દક્ષિણ કાશ્મીરના અનંતનાગના જબલીપોરા ગામ બિજબેહેરામાં આતંકવાદીઓએ બે બિન-સ્થાનિક મજૂર પર ગોળીબાર કર્યો હતો. બાદમાં હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

ઈજાગ્રસ્ત હાલતમાં મજૂરને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તની ઓળખ બિહારના રહેવાસી શંકર શાહના પુત્ર રાજા શાહ તરીકે થઈ છે. જો કે, હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મજૂરને ખૂબ નજીકથી ગોળી વાગી હતી અને ગરદન અને પેટમાં બે ગોળી વાગી હતી. જ્યારે સેનાએ તે વિસ્તારને ઘેરી લીધો હતો જ્યાં આતંકી હુમલો થયો હતો.

## હૈદરાબાદમાં, ૫.૪૧ લાખથી વધુ મતદારોના નામ સૂચિમાંથી દૂર

### ઓવૈસી અને માધવી લતા વચ્ચે છે મુકાબલો : માધવી લતાનો દાવો - ૭ લાખથી વધુ નકલી મતદારો

હૈદરાબાદ,

ચૂંટણી પંચે હૈદરાબાદ જિલ્લાની મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખ મતદારોના નામ હટાવી દીધા છે. જિલ્લામાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે. યાદીમાંથી મતદારોના નામ હટાવવાના કારણોમાં તેમનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર અને નામની બે વાર નોંધણી છે. અહી મુખ્ય સ્પર્ધા ભાજપના અસદુદ્દીન ઓવૈસી અને માધવી લતા વચ્ચે માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૯માં ઓવૈસીએ ભાજપના ઉમેદવારને ૨ લાખ ૮૨ હજાર ૧૮૬ મતોથી હરાવ્યા હતા. અહી બીજેપી બીજા સ્થાને હતી. વર્ષ ૨૦૧૪માં ઓવૈસી ૨૮૨૧૮૬ મતોથી જીત્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૩ થી હૈદરાબાદ જિલ્લાની ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં કુલ ૪૭,૧૪૧ મૃત મતદારો, ૪,૩૯,૮૦૧ "સ્થાનાતરિત મતદારો" અને ડુપ્લિકેટ મતદારોના ૫૪,૨૫૯ નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## રૂઆંગમાં અનેક જ્વાળામુખી થયા સક્રિય, સુનામીનું એલર્ટ

રૂઆંગ,

ઘણા દેશોમાં જ્વામુખી ફાટવાની ઘટનાઓ બની રહી છે ત્યારે ઈન્ડોનેશિયામાં ફરી એકવાર જ્વાળામુખી ફાટી રહ્યા છે. વિગતો પ્રમાણે રુઆંગમાં જ્વાળામુખી સક્રિય દેખાયો છે, જેના કારણે વહીવટીતંત્ર ચિંતિત છે. આ દરમિયાન લોકોના જીવ જોખમમાં છે.છેલ્લા ૨૪ કલાકમાં અહીં જ્વાળામુખીમાં પાંચ વિસ્ફોટ થયા છે. આવી સ્થિતિમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને લોકોને વિસ્તાર છોડી દેવાની સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં બુધવારે અહીં સુનામીનું એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે.

જ્વાળામુખી સક્રીય થતાની સાથે અનેક ગતિવિધિયોને લઈને તંત્ર દ્વારા અનેક પગલાઓ લેવામાં આવી રહ્યાં છે. આ ક્રમમાં ઈન્ડોનેશિયાના ઉત્તરી સુલાવેસી પ્રાંતના રુઆંગ જ્વાળામુખીમાં વિસ્ફોટ બાદ ઓછામાં ઓછા ૮૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જ્વાળામુખીના કારણે છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં લાવા અને રાખના વાદળો છે.

## સિસ્ટમને તોડી પાડવાનો પ્રયાસ કરશો નહીં : સુપ્રિમ કોર્ટ

### વિવિપીએટીના તમામ મત ગણવાની અરજીના અનુસંધાને અદાલતે ટકોર કરી જણાવ્યું વિશ્વાસ હોવો જરૂરી છે

નવીદિલ્હી,તા.૧૭

અમારી ઉંમર ૬૦થી વધુ છે. અમે બધા જાણીએ છીએ કે જ્યારે બેલેટ પેપર હતા ત્યારે શું થયું હતું, તમે ભૂલી ગયા હશો પણ અમે ભૂલ્યા નથી. જ્યાં સુધી બેલેટ બોક્સ અથવા બેલેટ પેપરનો સંબંધ છે, આપણે બધા તેમની ખામીઓ જાણીએ છીએ. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલા સુપ્રીમ કોર્ટે આ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે.બે ન્યાયાધીશોની બેન્ચ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) સંબંધિત અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં,વીવીપીએટી એટલે કે વોટર-વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ દ્વારા ઈવીએમ મતોની ૧૦૦% ચકાસણીની માંગ કરવામાં આવી છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે પણ અન્ય દેશો સાથે સરખામણી કરવા પર વાંધો વ્યક્ત કર્યો હતો. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે ઘણા યુરોપિયન દેશો પેપર બેલેટ પર પાછા ફર્યા છે. જર્મનીના ઉલ્લેખ પર જસ્ટિસ દત્તાએ કહ્યું, 'મારા ગૃહ રાજ્ય પશ્ચિમ બંગાળની વસ્તી જર્મની કરતા વધુ છે.' લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે મતદાન થવાનું છે.એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ પણ ૧૦૦% વીવીપીએટી વેરિફિકેશનની માંગણી કરનારાઓમાંનું એક છે. એડીઆર વતી વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ હાજર થયા હતા. અન્ય અરજીકર્તાઓ તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણન, આનંદ ગ્રોવર અને હુઝેફા અહમદી હાજર રહ્યા હતા.

ભૂષણે દલીલ કરી હતી કે યુરોપના ઘણા દેશો ચૂંટણી માટે પેપર બેલેટ સિસ્ટમ પર પાછા ફર્યા છે. ભૂષણે પોતાની દલીલમાં જર્મનીનો ઉલ્લેખ કર્યો હતો. તેના પર સુપ્રીમ કોર્ટે પૂછ્યું, 'જર્મનીની વસ્તી કેટલી છે? અને ભારતમાં કેટલા લોકો મત આપે છે? ભારતમાં લગભગ ૯૮ કરોડ મતદારો છે અને તેમાંથી ૬૦% મતદાન કરે છે... તો તમે કહો છો કે ૬૦ કરોડ વીવીપીએટીની ગણતરી કરવી જોઈએ.

CMYK

# ગુજરાતમાં જીરુંનું ઉત્પાદન 70 % જેટલું વધ્યું

## જીરાના ભાવ આગામી દિવસોમાં વધુ નીચે આવી તેવી શક્યતા



અમદાવાદ,
ગુજરાતમાં જીરુંનું બમ્પર ઉત્પાદન થયું છે. આ વર્ષે ૯ એપ્રિલ સુધીમાં ગુજરાતના માર્કેટ યાર્ડોમાં ૫૪,૪૮૭.૭૪ મેટ્રિક ટન જીરાની આવક થઈ છેઆ આંકડો ગત વર્ષના સમાન સમયગાળાના ૪૪,૬૮૯.૭૩૪ મેટ્રિક ટન કરતાં લગભગ ૨૨ ટકા વધુ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન સ્પાઈસ સ્ટેકહોલ્ડર્સના પ્રારંભિક પાકના અંદાજ મુજબ, ગુજરાત અને રાજસ્થાનમાંથી જીરુંનું ઉત્પાદન ગયા વર્ષના ૩.૩ લાખ મેટ્રિક ટનથી લગભગ ૭૦ ટકા વધીને ૫.૬ લાખ મેટ્રિક ટન થયું છે. આવી સ્થિતિમાં જીરાના ભાવ આગામી દિવસોમાં વધુ નીચે આવી શકે છે.

વેપારીઓએ જણાવ્યું હતું કે આ વર્ષે જીરુંનો વિસ્તાર વધુ છે અને તેથી મોટા પાકની અપેક્ષા છે. તેમના મતે ગયા વર્ષે જીરાના ભાવમાં ઘણો વધારો થયો હતો. જેના કારણે આ વર્ષે ખેડૂતોએ વધુ નફો મેળવવા માટે જીરૂની મોટા પાયે ખેતી કરી હતી. આ જ કારણ છે કે આ વર્ષે બમ્પર ઉપજની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે હવામાનમાં થોડી વધઘટ થવા છતાં ભાવ નિયંત્રણમાં રહેશે.

એક મોટા કોમોડિટી વેપારીએ જણાવ્યું હતું કે ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૨,૦૦૦ની ઉપરની મર્યાદાએ પહોંચી ગયા છે. ગયા વર્ષના એપ્રિલના પ્રથમ અઠવાડિયાની આસપાસના રૂ.૪૨,૦૦૦ના બેન્ચમાર્ક કરતાં આ ઓછામાં ઓછો ૩૧ ટકા ઓછો છે. ઊંઝાના યાર્ડમાં દરરોજ ઓછામાં ઓછા ૧૦૦૦-૧૪૦૦ મેટ્રિક ટન જીરું આવી રહ્યું છે.

# મિત્રના ઘરમાં પાંચ લાખની ચોરી કરવા ૨૦ હજારની સોપારી આપી

## મિત્રના ઘરે ચોરી કરાવી રૂપિયા ખેતરમાં ખાડો ખોદી દાટ્યાં

સુરત
સુરતના પુણાગામ ક્રિષ્નાનગર સોસાયટીમાં રહેતા શાકભાજીના વેપારીનું ઘર બપોરના સમયગાળા દરમિયાન બંધ હતું. આ દરમિયાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવી ઘરમાં સુટેક્શમાં મુકેલા રોકડ રૂપિયા ૫ લાખની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બનાવને પગલે ભોગ બનનાર વેપારીએ આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મિત્રએ જ મિત્રના ઘરમાં ચોરી કરવા અન્યને સોપારી આપી હોવાનું સામે આવ્યું છે. આ સાથે જ સબે આરોપીને ઝડપી પાડી શેરડીના ખેતરમાં ખાડો કરીને સંતાડી દીધેલા રૂપિયા પણ કબેજ કર્યા છે.

પુણાગામ કલ્યાણનગરની બાજુમાં ક્રિષ્નાનગર સોસાયટીમાં રહેતા ચંચલસીંગ અશોકસીંગ ચૌહાણ (ઉ.વ.૩૨) શાકભાજીનો ધંધો કરે છે. મૂળ યુપીના અલ્લાહબાદના વતની ચંચલસીંગના ઘરમાં ગત તા ૧૫ એપ્રિલના રોજ બપોરના ચાર વાગ્યાથી સાંજના સાડા છ વાગ્યાના આરસામાં તસ્કરો ત્રાટક્યા હતા. મુખ્ય દરવાજાના રૂમનું તાળુ ખોલી અંદર ઘુસેલા તસ્કરોએ રૂમમાં મુકેલી કાળા કલરની સુટકેશમાં મુકેલા રોકડા ૫ લાખ સુટકેસ સાથે ચોરી કરી નાસી ગયા હતા. પોલીસે ચંચલસીંગની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

# ઉલમાંથી ચૂલમાં : ચોર નદીમાં કૂદતા કાદવમાં ફસાયો !

**પોકેટમારી કરતો ચોર લોકોના મારથી બચવા નદીમાં કૂદી ગયો હતો**

સુરત
સુરતમાં એક ચોર ઉલમાંથી ચૂલમાં પડ્યો હોવાની ઘટના સામે આવી છે. શહેરના રાંદેર વિયર કમ કોઝવે વિસ્તારમાં પોકેટમારી કરતો ચોર લોકોના મારીથી બચવા નદીમાં કૂદી ગયો હતો. ત્યારબાદ નદીના કાદવમાં ફસાઈ ગયો હતો. નદીના બેટ ઉપર જઈને ફસાઈ જતાં બહાર કાઢવા માટે ફાયર વિભાગને બોલાવવી પડી. લોકોના મારથી બચવા ચોર પહેરેલો શર્ટ અને ચોરી કરેલું પોકેટ બંન્ને ફેંકી દઈને સીધો વિયર કમ કોઝવેમાં કૂદી પડ્યો હતો. બાદમાં તરીને તે નદીમાં બનેલા એક બેટ ઉપર પહોંચીને અટકી ગયો હતો.

ચોરીની ઘટના સર્જાતા રાંદેર ફાયર સ્ટેશનને કોલ મળ્યો હતો. તેથી ફાયરના જવાનોએ નદી પાસે પહોંચીને ચોરને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ આ ચોરને પોલીસે ડિટેઈન કરી લીધો હતો.

# ૧૦થી ૨૪ વર્ષનાં દર ૩ માંથી ૧ 'વ્યસની' : ગુજરાત સહિત ૧૫ રાજયોમાં સર્વેનાં ચોંકાવનારા તારણો જાહેર

## ૭૫ ટકા ૧૮ વર્ષની ઉંમર પૂર્વે જ વ્યસની થવા લાગે છેઃ ગરીબ વર્ગનાં બાળકો-યુવાનોમાં પ્રમાણ વધુ

અમદાવાદ
દેશમાં ૧૦ થી ૨૪ વર્ષના યુવાનો કિશોરો,દારૂ, તમાકુ અને ભાંગ જેવા નશાની પકકડમાં ફસાઈ રહ્યા છે. આ ચોંકાવનારો ખુલાસો ૧૫ રાજયોમાં ૧૬૩૦ યુવાનો પર થયેલા સર્વે બાદ થયો છે. તેમાં એક તૃતિયાંશ યુવાનો નશાનાં વ્યસની થઈ ચુકયા છે. સંશોધન મુજબ ૧૬૩૦ માંથી ૩૨.૮ યુવાનો નશાની ચૂંગાલમાં છે. નશા કરનારાઓમાં નિમ્ન આવકવાળા વર્ગનાં બાળકોની સંખ્યા વધુ છે. ૭૫ ટકા અર્થાત ત્રણ ચર્તુથાંશ યુવાનો એવા હતા જે કિશોરાવસ્થા અર્થાત ૧૮ વર્ષની વયથી જ નશો શરૂ કરી રહ્યા હતા. ૨૬.૪ ટકા યુવાનોએ તમાકુ ઉત્પાદનોના સેવનની વાત સ્વીકારી હતી. અધ્યયન અનુસાર સૌથી વધુ મિઝોરમમાં ૮૯ ટકા અને સૌથી ઓછા કેરળમાં ૭.૫ ટકા યુવાનો નશાની ચુંગાલમાં ફસાયા હોવાનું બહાર આવ્યું છે. જયારે સૌથી નીચી આવકવાળા પરિવારોમાં સૌથી વધુ ૪૦ ટકા, મધ્યમ આવકવાળા ૨૯ ટકા જયારે વધુ આવકવાળા સૌથી વધુ સૌથી ઓછા ૨૩ ટકા યુવાનો નશામાં સામેલ હોવાની વાત કરી હતી.દેશનાં જુદા જુદા રાજયો, જીલ્લામાં નશાની પકકડમાં આવેલા યુવાનો કિશોરોની વાત કરીએ તો ગુજરાતમાં દાહોદ ૬૧ ટકા, બેંગલુરૂમાં ૫૪.૫ ટકા, પઠનમથીટ્ટા ૭.૫ ટકા ચેન્નાઈ ૪૬.૩ ટકાનો સમાવેશ થાય છે.

# આમદાવાદ : હાટકેશ્વર નજીક કારમાંથી મળ્યો પુરુષનો મૃતદેહ

**હત્યા કે આત્મહત્યા અંગે ઘૂંટાતું રહસ્ય**

અમદાવાદ
અમદાવાદ શહેરના હાટકેશ્વર નજીકરસ્તા પર પાર્ક થયેલી એક કારમાંથી એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. ઘટનાની જાણ થતા ખોખરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી.

ઘટના અંગે મળતી માહિતી અનુસાર હાટકેશ્વર નજીક ભાઈપુરા વિસ્તારમાં રસ્તા પર પાર્ક કરેલી અમેઝ કારમાંથી પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. કારમાં એક બેગ પણ હતી, જેમાં રહેલા ડોક્યુમેન્ટ્સ આધારે યુવકની ઓળખાણ થઈ હતી. મૃતકનું નામ અભિષેક શર્મા હોવાનું અને તે આદિત્ય બિરલા કેપિટલમાં એજન્સી પાર્ટનર તરીકે નોકરી કરતો હોવાનું તેમજ મણિનગર વિસ્તારમાં આવેલા શ્રીનંદનગરમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતા ખોખરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આ યુવકે આત્મહત્યા કરી છે, કોઈએ તેની હત્યા કરી છે કે પછી કુદરતી રીતે મૃત્યુ થયું છે એ કારણ જાણવા માટે તાપસ શરૂ કરી છે.

# ગુજરાતભરમાં રામનવમીની ભવ્ય ઉજવણી







**ગુજરાતના સૌથી મોટા મંદિરમાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી**

અમદાવાદ,
અમદાવાદ સહિત ગુજરાતભરમાં રામનવમી એટલે કે ભગવાન રામના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.અમદાવાદના રામજી મંદિરોમાં સવારથી જ ભક્તોની ભીડ જામી હતી ગુજરાતના સૌથી મોટા મંદિરમાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી હતી અને . પૂર્ણ પુરુષોત્તમ રામના દર્શન કર્યા હતાં અમદાવાદમાં રીલિફ રોડ પર હાજાપટેલની પોળમાં આવેલા કાલા રામજી મંદિરમાં રામનવમી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી બપોરે બાર વાગે શ્રીરામ જન્મોત્સવ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાંજે ભગવાન રામની જન્મપત્રિકાનું વાંચન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યા હતાં .

# અંબાજી મંદિરમાં દર્શન કરવા આવેલા ચેન્નાઈના ભક્ત સાથે થઈ ઠગાઈ

**વેપારીએ ચાંદીનો ખોટો સિક્કો પધરાવ્યો**

નવીદિલ્હી,
શક્તિપીઠ અંબાજી ધામમાં દેશભરમાંથી માતાના ભક્તો દર્શન માટે આવતા હોય છે. ત્યારે દરેક ભક્તની ભાવના હોય છે કે તેઓ માતાને ચૂંદડી, પૂજાપો કે ચાંદીના આભૂષણ અર્પણ કરે. પરંતુ કેટલાક લેભાગુ તત્વોએ ભક્તોની શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને તેને છેતરવાનું કામ કરતા હોય છે. આવો એક કિસ્સો ફરીવાર સામે આવ્યો છે.

ચેન્નઈથી દર્શન માટે અંબાજી આવેલા ભક્તને કડવો અનુભવ થયો છે. અંબાજી આવેલા ભક્તે દુકાનદાર પાસેથી પૂજાનો સામાન, ચાંદીનો સિક્કાની ખરીદી કરી હતી. વેપારીએ ભક્ત પાસેથી મોટુ મસ બિલ લઈને નકલી ચાંદીનો સિક્કો પધરાવી દીધો હતો. મંદિરના પ્રવેશ દ્વાર નજીક ચકાસણી કરતા ભક્તને ખબર પડી કે તેની સાથે વેપારીએ છેતરપિંડી કરી છે.


મંદિરમાં દર્શન માટે આવતા ભાવિકો છેતરાય ત્યારે ભાવિકોની પણ લાગણી દુભાતી હોય છે. ત્યારે બનાસકાંઠા મંદિરના વહિવટદારે આવી છેતરપિંડી કરનારા તત્વોને ચેતવણી આપતા કહ્યું કે ભક્તો સાથે છેતરપિંડી કરનારાઓને છોડવામાં નહીં આવે. આવી છેતરપિંડી કરનારા સામે આકરા પગલા લેવાશે. ચેન્નઈના ભક્ત સાથે છેતરપિંડી કરનાર દુકાનદાર વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધી વેપારીની અટકાયત કરી છે.

# કોંગ્રેસના નવસારી લોકસભાના ઉમેદવારે ગાંધી વેશભૂષા ધારણ કરી ભર્યુ નામાંકન

નવસારી,
નવસારીમાં આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા સુરતના ગાંધીવાદી પરિવારમાંથી આવતા નૈષધ દેસાઈને ઉમેદવારે બનાવવામાં આવ્યા છે. નૈષધ દેસાઈને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ અને પીઢના ગણાતા ઉમેદવાર સી.આર પાટીલની વિરુધ્ધમાં ટીકીટ આપવામાં આવી છે. ત્યારે લોકસભા ચૂંટણીનું ઉમેદવારી પત્ર ભરતી વેળાએ તેઓ ગાંધીજીનો વેશ ધારણ કરી અહીં પહોંચ્યા હતા.

નૈષેધ દેસાઈએ ઉમેદવારી પત્ર ભરતા પહેલાં મૂડન કરાવ્યું હતું અને ગાંધીજીનો પહેરવેશ ધારણ કર્યો હતો. તેમણે ગાંધી વિચારધારાને અનુસરતા ધોતી-બંડી પહેરી હતી. તેમજ આ જ વેશભૂષામાં પ્રચાર કરવાનો નિર્ણય કર્યો હતો. જેને લઈને ભારે કુતુહલ પણ સર્જાયું હતું. કારણ કે તેમણે કહ્યું કે મોદીની સલાહ અનુસાર હું જન્મથી ખાદી પહેરું છું. નૈષધ દેસાઈએ કહ્યું હતું કે આ પહેરવેશ ધારણ કરવા પાછળ દિવ્ય કારણ છે. તેઓએ સ્વંત્રતા, સમાનતા પ્રસ્થાપિત કરવા, લોકતંત્ર સંવિધાનની સુરક્ષા કરવા તેમજ નવી પેઢીમાં મહાત્મા ગાંધીના વિચારો અને આદર્શોનો પ્રચાર-પ્રસાર કરવા માટે આ વેશ ધારણ કર્યો છે, ગાંધીના નમક સત્યાગ્રહને યાદ કરીને આવનારી સત્તાના આતંક સામે યુવા પેઢીને આંદોલન કરવાની પ્રેરણા આપવા તેમજ સત્યાગ્રહની પ્રેરણા આપવા માટે મેં આ ગાંધી વેશ ધારણ કર્યો છે.

# કાજલ હિન્દુસ્થાની સામે ગુજરાત હાઈકોર્ટમાં થઈ પિટિશન દાખલ



અમદાવાદ,
કાજલ હિન્દુસ્થાનીને લઈ ફરી એકવાર મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, પાટીદાર સમાજ કાજલ હિન્દુસ્થાની માફી માંગે તેવી માંગ છેલ્લા એક મહિનાથી કરી રહ્યો છે. નોંધનિય છે કે, કાજલ હિન્દુસ્થાનીએ સુરતમાં અગાઉ યોજાયેલ કાર્યક્રમમાં મોરબીની દીકરીઓ અને ઉદ્યોગકારો માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ મામલે કાજલ હિન્દુસ્તાનીએ હજી સુધી માફી માંગી નથી. આ તરફ હવે આ કેસમાં મોરબીના મનોજ પનારાએ વકીલ મારફતે કાજલ હિન્દુસ્થાની સામે હાઈકોર્ટમાં પિટિશન કરી છે.

કાજલ હિંદુસ્થાની દ્વારા પાટીદાર સમાજની દીકરીઓ સામેની ટિપ્પણીનો વિવાદ સતત વકરી રહ્યો છે. આ તરફ હવે કાજલ હિન્દુસ્થાની સામે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરાઈ છે. વિગતો મુજબ મોરબીના પાટીદાર અગ્રણી મનોજ પનારાએ કાજલ હિન્દુસ્થાની સામે ફરિયાદ માટે પિટિશન કરી છે.

# ટ્રેક્ટર પર કાબૂ ગુમાવતા સુરેન્દ્રનગરનું ખેડૂત દંપતી નર્મદા કેનાલમાં ખાબક્યું

સુરેન્દ્રનગર
સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના ખેરાળી ગામ પાસે ટ્રેક્ટર નર્મતા કેનાલમાં ખાબકતા ખેડૂત દંપતી ડૂબી ગયું હતું. ફાયર બ્રિગેડ દ્વારા કેનાલમાં ડૂબેલા દંપતીની શોધ કરવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર નર્મદા કેનાલમાં ખાબક્યું હોવાનું કહેવાય છે.

સુરેન્દ્રનગરના ખેરાળી ગામે રહેતા ખેડૂત બાબુભાઈ કમેજળીયા અને તેમની પત્ની અનસૂયાબેન ખેતી કરી પરત ફરી રહ્યા હતા તે સમયે ખેરાળી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે ટ્રેક્ટર ચાલક ખેડૂતે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યું હતું.

આ મામલે સરપંચ સહિતના આગેવાનો તેમજ પાલિકાની ફાયર ફાઈટર ટીમ સહિતને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કેનાલમાં ડૂબેલા દંપતીની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસથી પસાર થતાં વાહનચાલકો સહિત અનેક લોકો ઉમટી પડ્યા હતા. પાલિકાની ટીમ દ્વારા આખી રોત શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ દંપતીનો કોઈ પત્તો જ લાગ્યો ન હતો. આના પગલે આખા ખેરાળી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ભારતમાં ક્રાઉડફંડિંગ પર કોઈ કાયદો છે?

## સાકેત ગોખલે કેસમાં સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે પૂછ્યું

ગાંધીનગર,
તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેએ પોતાના વિરુદ્ધ અમદાવાદ સાઈબર ક્રાઈમ દ્વારા ૨૦૨૨માં નોંધાયેલી FIR રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે આ અરજી પર ૧૫ એપ્રિલે સુનાવણી હાથ ધરી હતી. સાકેત ગોખલે પર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેણે ક્રાઉડફંડિંગ અને રોકડ ટ્રાન્સફર દ્વારા એકત્ર કરાયેલા અંદાજે રૂ.૧.૦૭ કરોડનો દુરુપયોગ કર્યો હતો. ગોખલેને આ કેસમાં એપ્રિલ ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે અગાઉ જામીન આપ્યા હતા.

સુનાવણી દરમિયાન જસ્ટિસ હસમુખ સુથારે કહ્યું કે ભારતમાં ક્રાઉડફંડિંગનો ખ્યાલ ખૂબ જ નવો છે અને પ્રશ્ન કર્યો કે શું ભારતમાં તેના માટે કોઈ નિયમન કે કાનૂની માન્યતા છે?જસ્ટિસ સુથારે કહ્યું, "શું ભારતમાં ક્રાઉડફંડિંગ માટે કોઈ ચોક્કસ નિયમ છે? ઘણા દેશોએ તેના પર પ્રતિબંધ મૂક્યો છે."

જસ્ટિસ સુથારે કહ્યું,"સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા-SEBIએ સ્ટાર્ટ-અપ ફર્મ્સમાં રોકાણ અને ક્રાઉડફંડિંગ માટે અમુક નિયમો જાહેર કર્યા છે. પરંતુ સેબીના નિયમો, મને લાગે છે કે, માત્ર બિન-સરકારી સંસ્થાઓ-NGO માટે છે, વ્યક્તિઓ માટે નથીપ ઘણા દેશોએ ક્રાઉડફંડિંગને માન્યતા આપી નથી અને તેના પર કોઈ સ્પષ્ટતા નથી નહીતર તે અરાજકતા પેદા કરી શકે છે." વકીલ સોમનાથ વત્સ સાકેત ગોખલે વતી હાઈકોર્ટમાં હાજર થયા અને કહ્યું કે તેમના અસીલ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં કોઈ છેતરપિંડી થઈ નથી.

# દર્શનયોગ ધામમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે સમર્પણ ભવનનું લોકાર્પણ અને વૈદિક ગુરુકુલ ભવનનો શિલાન્યાસ

ગાંધીનગર,
ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ગામે સાબરમતી નદીના તીરે વૈદિક સંસ્કૃતિ અને ગુરુકુલીય શિક્ષાની સુરક્ષા અને સંવર્ધન હેતુ સ્થાપિત દર્શનયોગ ધામમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે સમર્પણ ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ ભવનમાં ૩૬ સાધના કુટિર છે. રામનવમીના પાવન પર્વે શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ સંકુલમાં વૈદિક ગુરુકુલ ભવનનો શિલાન્યાસ પણ કરાવ્યો હતો.

ગાંધીનગરના લાકરોડામાં વૈદિક સંસ્કૃતિની સુરક્ષા, આર્ષ જ્ઞાન-વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર તથા સુસંસ્કાર નિર્માણ માટે સક્રિય આદર્શ સંસ્થા - દર્શનયોગ ધામમાં વ્યાકરણ શાસ્ત્ર, વેદ સાહિત્ય, આયુર્વેદ, જ્યોતિષ, દર્શન અને ઉપદેશક મહાવિદ્યાલય આકાર લેશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આ અવસરે કહ્યું હતું કે, વૈદિક ગુરુકુલોમાં વેદ પરંપરા, યોગ, સંધ્યા-હવન અને નૈતિક શિક્ષણની સાથે સાથે આધુનિક અભ્યાસનો સમન્વય કરવાની આવશ્યકતા છે. બદલાતા સમયમાં શાસ્ત્રોના વિદ્વાનોને વિજ્ઞાન અને ટેકનોલોજીનો સહયોગ જરૂરી છે. જો આમ થશે તો શાસ્ત્રોના વિદ્વાનોને રોજગારીના પ્રશ્નો નહીં નડે. એટલું જ નહીં, તેમના જ્ઞાન અને વિદ્યાનો વ્યાપ વધુ વિસ્તરશે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આર્ષ ગુરુકુલનો વિદ્યાર્થી ડૉક્ટર, એન્જિનિયર, બેરિસ્ટર કે સેનાનો અધિકારી નહીં બને, પરંતુ આ તમામને સાચા અને સારા મનુષ્ય બનાવવાની ક્ષમતા તે વિદ્યાર્થીમાં હશે. આજે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અને મહાન રાષ્ટ્રના નિર્માણ માટે આવા મનુષ્યોની આવશ્યકતા છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતની ધરતી પર જન્મેલા મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦ની જન્મ જયંતી ઉજવી રહ્યા છીએ ત્યારે તેમના કાર્યોને આગળ ધપાવવા સંકલ્પબદ્ધ થઈએ. વેદ પ્રતિ અત્યંત નિષ્ઠા સાથે તેમણે સમાજના કુરિવાજો દૂર કર્યા. દેશમાં વ્યાપ્ત અજ્ઞાન, અન્યાય, અભાવ અને આળસને દૂર કરવા તથા દેશને કલ્યાણના માર્ગે લઈ જવા તેમણે હજારો વિદ્વાનો તૈયાર કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. દર્શનયોગ ધામ જેવા સંસ્થાનો આ દિશામાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે ત્યારે સમાજે પણ આવા કાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપવો જોઈએ એવી અભિલાષા રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી. આર્ષ ગુરુકુળમાં અભ્યાસ સંપન્ન કરીને સમાજને સમર્પિત થતા વિદ્વાન વિદ્યાર્થીઓના દીક્ષાંત સમારોહ યોજાય અને સમાજ પણ આ વિદ્યાર્થીઓને સત્કારવા તત્પર રહે એવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

# જામનગરમાં રાજા મેલડી ગ્રૂપ દ્વારા મહાબલી હનુમાન સાથે રામસવારી નીકળી




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રામનવમી નિમિત્તે રાજા મેલડી ગ્રુપ જામનગર દ્વારા દિગ્વિજય પ્લોટ ૫૮ ખાતેથી વિશેષ ભગવામય માહોલ સાથે મહાબલી હનુમાન સાથે રામસવારી શોભાયાત્રા કાઢવામાં આવી જે શોભાયાત્રાને જામનગર ૭૮ અને ૭૯ વિધાનસભાના ધારસભ્ય રિવાબા જાડેજા અને દિવ્યેશભાઈ અકબરી તથા વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મનીષભાઈ કટારીયા દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવી. સમગ્ર વિસ્તાર મહોલ્લો કેસરિયા રંગે ભગવાન શ્રીરામ ના નામ લીન થયો હતો. આ રામ સવારી ૫૮ દિગ્વિજય પ્લોટ માંથી પસાર થઈ મુખ્ય શોભાયાત્રા માં જોડાઈ હતી. આયોજકો દ્વારા ઈન્દોરથી ખાસ મહાબલી હનુમાનજીને તેડાવ્યા હતા. જે હનુમાનજી એ સમગ્ર રામસવારી અનેક રંગ ભરી દીધા હતા. નગરભ્રમણ કરતી રામસવારી જ્યારે ચાંદી બજારના ચોકમાં પહોચી હતી. આ તકે ભાજપ સંગઠન સહિત લોકસભા ૧૨ દ્વારકા જામનગરના સાંસદ ઉમેદવાર પુનમ માડમ સહિત સર્વે સંગઠનને મહાબલીના કરતબે મોહીત કર્યા હતા અને તેમને મંચ પરથી વધાવ્યા હતા. જે ક્ષણે મહાબલીએ પુનમબેનને જંગી બહુમતી સાથે વિજયના સુભાશિષ પાઠવયા હતા.

# જામનગરમાં ફરજિયાત પ્રિપેઈડ સ્માર્ટ વીજમીટર મામલે રજૂઆત

જામનગર : જામનગરમાં ફરજીયાત પ્રિ-પેઈડ સ્માર્ટ વીજ મીટર મામલે રાજ્યના ઉર્જા સચિવને સતત રજુઆત કરતી આવેલી ગ્રાહક સંસ્થા દ્વારા લોકો પાસેથી એકઠા થયેલા સુચનો સાથે પુનઃ પીજીવીસીએલની વર્તુળ કચેરીના માધ્યમથી ઉર્જા સચિવને લેખિત રજુઆત કરીને સ્માર્ટ વીજ મીટરો પ્રિ-પેઈડના બદલે પોસ્ટ પેઈડ કરવા તેમજ મુકાઈ રહેલા સ્માર્ટ વીજ મીટરો ખુબ જ વિશ્વસનિય છે, જમ્પ નહીં કરે હાલ જેટલું વીજ વપરાશનું મીટરનું રીડીંગ થશે. જેવા મુદ્દે રાજ્યની તમામ વિજ કંપનીઓના ડીવિઝનલ ઈજનેરો સોગંદનામું કરે તેવી માંગણી પણ કરી છે.

જામનગર ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રી કિશોરભાઈ મજીઠીયા સહિતનાઓએ રાજ્યના ઉર્જા સચિવને કરાયેલી રજુઆતમાં જણાવાયું છે કે, લોકો પાસેથી પાણી વેરાના વર્ષ પુરું થયા બાદ વસુલવામાં આવે છે. આ જ રીતે ઈન્કમ ટેક્સ અને જીએસટી પણ એક વર્ષ પુરું થાય તે પછી વસુલવામાં આવે છે. તો વીજળીના નાણા પણ એડવાન્સ ઉઘરાવવાનું રદ કરવું જોઈએ. લાઈટ અને પાણી એક આવશ્યક સેવા છે. તેમજ જીવન જરુરી સેવા છે.

તો જરુરી સેવાના નાણા એડવાન્સ ઉઘરાવવા શું વ્યાજબી ગણાય ? સરકાર પણ કર્મચારીઓને એડવાન્સ નહીં પણ મહિનાના અંતે પગાર ચુકવે છે. સેવા બાદ જ તેના નાણાની ઉઘરાણી સંવૈધાનિક ગણાય. સ્માર્ટ વીજ મીટરોથી પ્રમાણિક વીજ ગ્રાહકો ઉપર બોજ વધશે. કારણકે જે લોકો વીજ ચોરી કરવાના છે તેને સ્માર્ટ મીટર ફાયદાકારક છે. સ્માર્ટ વીજ મીટરના કારણે દર માસે વીજ કંપનીના કર્મચારીઓ વીજ મીટર બીલ માટે ચેક કરવા આવશે જ નહીં. એટલે ચોરી પકડાવાનો ડર રહેશે નહીં. જે લોકો ડાયરેક્ટ વાયર નાંખીને ચોરી કરે છે. જે લોકો ડાયરેક્ટ મીટર બાયપાસ કરીને અથવા લંગરીયા નાંખીને વીજ ચોરી કરે છે તે વીજ ચોરી પીજીવીસીએલએ પહેલા અટકાવવી જોઈએ. વીજ લોસ રોકવો જોઈએ ત્યાર બાદ સ્માર્ટ વીજ મીટર પ્રોજેક્ટ આગળ વધારવો જોઈએ.

# જામનગરમાં કડિયા કામ કરતા પિતાના પુત્રએ યુપીએસસીની પરીક્ષા પાસ કરી


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં કડિયા કામ કરતા પિતાના પુત્રએ જામનગરનું નામ રોશન કર્યું છે. સમગ્ર દેશમાં યુપીએસસીની સૌથી અઘરી પરીક્ષા ગણાય છે. આ પરીક્ષા જામનગરના આકાશ ચાવડાએ પાસ કરી છે.

આકાશ ચાવડા હાલ જામનગર જીએસટી વિભાગમાં ટેક્સ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આકાશ ચાવડા છેલ્લા ૧૦ વર્ષથી યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરતા હતા અને ત્રીજા પ્રયત્નમાં યુપીએસસીની પરીક્ષા પાસ કરી છે.

આકાશ ચાવડાએ કોઈપણ જગ્યાએ ટ્યુશન ક્લાસીસ રાખ્યા વગર પોતાની મહેનતથી યુપીએસસીની પરીક્ષા પાસ કરી છે. એક સમયે ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે આકાશ ચાવડાએ પરિવારના ગુજરાન માટે નોકરીની જરૂરિયાત ઊભી થઈ હતી અને તેમણે જીએસટી વિભાગમાં પરીક્ષા પાસ કરી અને નોકરી મેળવી હતી. યુપીએસસીની પરીક્ષા પાસ કરવા માટે દિલ્હી કે ગાંધીનગર જવું જરૂરી નથી કારણ કે જો તમારામાં મહેનત કરવાની લગ્ન હોય તો યુપીએસસીની પરીક્ષા કોઈપણ જાતના ટ્યુશન વગર પાસ કરી શકાય છે.

# જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

જામનગર : વિશ્વ હિન્દુ પરિષદ વિશ્વ પ્રકોષ્ઠના લીગલ સેલના વકીલ ભાઈઓ-બહેનો દ્વારા જામનગરના બેડીગેઈટ પાસેના શ્રી રામ મંદિરમાં શ્રી રામજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.


તસવીરઃ સુનિલ ચુડાસમા

આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી શ્રી ચતુર્ભુજદાસજી મહારાજ, બાર કાઉન્સીલના મેમ્બર અને સિનિયર ધારાશાસ્ત્રી મનોજભાઈ અનડકટ, વિહીપના વિભાગ સહમંત્રી સૌ.પ્રાંત લીગલ સેલ સહસંયોજક ધર્મેશભાઈ ગોંડલીયા, સુરેશભાઈ ગોંડલીયા, કલ્પેનભાઈ રાજાણી, બાર એસો.ના કોષાધ્યક્ષ રૂચીરભાઈ રાવલ, ગુર્જર કડીયા સુથાર સમાજના નવીનભાઈ લાખાણી, એડીજીપી ભારતીબેન બાદી, નિમિષાબેન ત્રિવેદી, મનીષભાઈ સોમૈયા, મિલનભાઈ કનખરા, તેજસ શારડા, દેવાયત વારોતરીયા કાજલબેન દાઉદીયા, જાગૃતીબા જાડેજા, બિંદીયા રાજગોર, અનિતાબેન રામવાણી વિગેરે જોડાયા હતાં અને રામધૂન તથા હનુમાન ચાલીસા બોલી આગામી કાર્યક્રમની ચર્ચા કરી હતી. વિશ્વ પ્રકોષ્ઠનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટે ચતુર્ભુજદાસજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતાં.

# જામનગરમાં ટ્રકનો ક્લિનર ઈંગલિશ દારૂની ૨૩ બાટલી સાથે ઝડપાયો

જામનગર : જામનગરમાં ગુલાબ નગર વિસ્તારમાંથી એક ટ્રકના ક્લીનરને ૨૩ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીના જથ્થા સાથે પોલીસે ઝડપી લીધો છે, અને ઈંગ્લિશ દારૂ કબજે કર્યો છે.

જામનગરમાં તિરુપતિ સોસાયટીમાં રહેતો અને ટ્રકમાં ક્લીનર તરીકે કામ કરતો કમલેશ માયાભાઈ હાજાણી નામનો શખ્સ ગુલાબ નગર નજીક રાજપાર્કના મેઈન ઢાળિયા પાસેથી ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈને પસાર થઈ રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ તેને ઝડપી લીધો હતો, અને તલાસી લીધી હતી.

જે તલાસી દરમિયાન તેના કબજા માંથી ૨૩ નંગ ઈંગ્લીશ દારૂની બાટલી નો જથ્થો મળી આવ્યો હતો. જેથી તેની સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં દારૂબંધી ભંગ અંગેનો ગુનો દાખલ કરાવ્યો છે, અને રૂપિયા ૯૨૦૦ ની કિંમત નો ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કરી લેવાયો છે.

# જામનગરમાં સોશિયલ મિડિયા પર વાંધાજનક મેસેજ કરનારાઓને સાયબર ક્રાઈમની અપીલ

જામનગર : જામનગરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી કોઈ વ્યક્તિએ સમાજ, જ્ઞાતિ, ધર્મ અંગે ઉશ્કેરણીજનક ટિપ્પણી કે મેસેજ ફોરવર્ડ ન કરવા તેમ પોલીસ દ્વારા સૂચના આપવામાં આવી છે. તે ઉપરાંત સોશિયલ મીડિયા પર સાયબર ક્રાઈમ પોલીસ પણ બાજનજર રાખી રહી છે.

જામનગર સહિત દેશભરમાં આવતા મહિને લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાનાર છે ત્યારે જામનગરમાં કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયા કે અન્ય કોઈ માધ્યમથી જ્ઞાતિ, સમાજ કે ધર્મ વિરૂદ્ધ ઉશ્કેરણીજનક ટિપ્પણી ન કરવી તેવી અપીલ પોલીસ દ્વારા કરવામાં આવી છે.

આવી ટિપ્પણી કરતા કે અફવા પ્રસરાવતા અથવા ધાર્મિક લાગણી દુભાવતા મેસેજ ફોરવર્ડ ન કરવા જણાવવામાં આવ્યું છે. તે ઉપરાંત સાયબર ક્રાઈમ પોલીસ પણ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નજર રાખી રહી છે. આ પ્રકારની કોઈપણ પ્રવૃત્તિ ધ્યાનમાં આવશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

## સલાયામાં ત્રિદિવસીય ભગવત ગુણાનુવાદ

સલાયા : શ્રી જમુનેશ મહાપ્રભુજીની બેઠક બાર ગામે ત્રિદિવસીય ભગવત ગુણાનુવાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેના વક્તા તેજસભાઈ જોષી તથા બંસીબેન જોષી સાંજે ૭:૧૫ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી તેમના સ્વમુખે ભગવત સત્સંગ કરાવશે. આ ધાર્મિક સત્સંગ તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૪ થી ૨૨ એપ્રિલ, ૨૦૨૪ એમ ત્રણ દિવસનો રહેશે. તા. ૨૨ના રોજ કુંડાવારાના દર્શન રાખેલ છે. ભગવત સત્સંગ કરવામાં આવશે. રાત્રે ૧૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે. સત્સંગી ભાઈઓ બહેનોએ અવશ્ય પધારવા બારા બેઠકના મુખિયાજી કિશોરભાઈની યાદી જણાવ છે.

### રંગતાલી ગ્રુપ દ્વારા

# રામ સવારીમાં અયોધ્યા સ્થિત ભગવાન શ્રીરામ મંદિરનો ફલોટ આકર્ષણનું કેન્દ્ર

જામનગર : જામનગરની સંસ્થા રંગતાળી ગ્રૂપ અને સહિયર ગ્રુપ દ્વારા અયોધ્યા સ્થિત ભગવાન શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ સાથેનો ફલોટ તૈયાર કરવામાં આવ્યો હતો, અને વિશાળ કદ નું રામ મંદિર ભાવિકોના દર્શનાર્થે મુકાયું હતું, જે રામ મંદિર સાથે અનેક રામભક્તોએ સેલ્ફી પડાવી હતી, તો કેટલાક રામભક્તોએ મંદિરના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.


તસવીરઃ સુનિલ ચુડાસમા

# જામનગરની વિવેકાનંદ કો.ઓપ. સોસાયટીના ડીફોલ્ટર સભાસદને ૬ માસ જેલની સજા

જામનગર : જામનગરની વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ અને ગોકુલનગરમા વસવાટ કરતા મુકેશ છગનભાઈ પાણખાણીયાએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલો હતો.

આ કેસ ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી ૬ માસની જેલની સજા તેમજ ચેકની રકમ રૂ. ૭૮૧૪૩નો દંડ તેમજ આરોપી ગેરહાજર હોવાથી વોરંટ ઈસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે જામનગર જીલ્લાના પોલીસવાળાને મોકલવાનો હુકમ કરવામાં આવેલ છે. ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી. કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ.ધામેલીયા રોકાયા હતા.

# જામનગરમાં એનડીપીએસના ગુનામાં ફરારી આરોપી ઝડપાયો

જામનગર : જામનગરના સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં તાજેતરમાં એનડીપીએસ એક્ટ હેઠળ નો ગુન્હો દાખલ કરાવાયો હતો, જે ગુનામાં નાસતા ફરતા રહેલા એક આરોપીને એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ગ્રેઈન માર્કેટ વિસ્તાર વોચ ગોઠવી ઝડપી લીધો છે.

જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા જામનગર જિલ્લાના નશીલા પદાર્થની પ્રવૃત્તિને ઝેર કરવા માટેની ચલાવાઇ રહેલી ઝુંબેશના અનુસંધાને તાજેતરમાં સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુનામાં જામનગર ના ગ્રેઈન માર્કેટ પાસે રહેતા મહમદ મુસાભાઈને ફરારી જાહેર કરાયો હતો.

ઉપરોક્ત આરોપી ગઈકાલે ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં આવ્યો હોવાની બાતમીના આધારે મોહમ્મદ મુસાભાઈ કકલની અટકાયત કરી લીધી છે, અને તેની વધુ પૂછપરછ શરૂ કરી આગળનો કબજો સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપી દેવાયો છે.

# ખંભાળિયામાં પરંપરાગત રામસવારીમાં મોટી સંખ્યામાં રામભક્તો જોડાયા : કેબિનેટ મંત્રીએ ઉતારી આરતી




તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ પર્વ રામનવમીની ગઈકાલે ખંભાળિયામાં અનેરા ઉમંગ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારથી શહેરમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે બુધવારે સાંજે ભગવાન શ્રીરામની પરંપરાગત શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી, રાત્રે શ્રી રામ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. માર્ગમાં વિવિધ મંડળો તેમજ આગેવાનો, હોદ્દેદારો દ્વારા આ શોભાયાત્રાનું સ્વાગત સન્માન કરાયું હતું. શોભાયાત્રાના માર્ગોને સુશોભિત કરાયા હતા અને રામ ભક્તોએ ભગવાન શ્રી રામનો ગગનભેદી જયઘોષ કર્યો હતો. આ પ્રસંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ભગવાન શ્રીરામની આરતી કરી હતી. અહીંના રામ મંદિર ખાતે અયોધ્યાની પ્રતિકૃતિ જેવા રામલલ્લાને બિરાજમાન કરાયા હતા. જેના દર્શનનો લાભ મોટી સંખ્યામાં નગરજનોએ લીધો હતો.

અહીંના નગર ગેઈટ પાસે આવેલા પ્રાચીન એવા શ્રી રામ મંદિર ખાતે અયોધ્યામાં રામ મંદિર ખાતે સ્થાપિત ભગવાન શ્રી રામ જેવી જ આબેહૂબ પ્રતિકૃતિ અહીં સ્થાપિત કરવામાં આવી હતી. રોશની તેમજ સંગીતસભર આ દર્શનનો લાભ ખૂબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ લઈ અને ભાવવિભોર થયા હતા. સાંજે ભવ્ય મહા આરતીમાં અહીંના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સાથે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ જોડાઈને આસ્થા વ્યક્ત કરી હતી. આ આયોજન માટે સતવારા જ્ઞાતિના આગેવાનો તેમજ કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર આયોજનમાં પોલીસ તંત્ર દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દ્વારકામાં રામનવમી પર્વ ભવ્ય શોભાયાત્રા નીકળી : રાજમાર્ગો પર ઠેર ઠેર સ્વાગત

દ્વારકામા રામનવમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વિશાળ શોભાયાત્રા નીકળી હતી. હરિનામ સંકર્તનિ મંદિરે પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી.

દ્વારકામા હરિનામ સંકર્તનિ મંદિરે પૂજન, ઉત્સવ આરતીમા મોટી સંખ્યામા ભાવિકો ઉમટી પડયા હતા. અભિષેક કરવામા આવ્યો હતો. ભગવાનના જન્મ સમયે મોટી સંખ્યામા રામભકતો ઉમટયા હતા. વિહિપ, બજરંગદળ દ્વારા વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત દ્વારકાધીશ જગતમંદિરમા પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી.મધ્યાહને ઠાકોરજીની રામ જન્મોત્સવ આરતી કરવામા આવી હતી. બપોરે ૧–૩૦ કલાક સુધી દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જયારે નીનબતી. રામસ્તંભમા પૂજન અને અને ઉત્સવ આરતી કરવામાં આવી હતી. ભાવિકોને પ્રસાદીનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. દ્વારકામાં રામનવમી નિમિત્તે ભાવિકોએ દર્શન અને પુજનનો લાભ લીધો હતો.



તસવીરઃ રાકેશ સામાણી

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સમુદ્રી ચાંચિયાઓ સામે ઇન્ડિયન નેવી એક્શન મોડમા

રાતા સમુદ્રમાં થી પસાર થતાં વિશ્વના કોઈપણ દેશના જહાજોની દરિયાઈ ચાંચિયાઓથી રક્ષણ કરવા માટે ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ એક્શન મોડમાં આવી જતા દરિયાઈ ચાંચિયાઓમાં ભય નો માહોલ સર્જાયો છે. કારણ કે ઇન્ડિયન નેવી પાસે જે ભયાનક શાસ્ત્રો છે તે આતંકવાદીઓ પાસે નથી. આથી તેઓ ઇન્ડિયન નેવી ના જહાજો આવતા જ જીવ બચાવીને ભાગી છૂટે છે.

યુદ્ધના માહોલને કારણે સુએજ નહેર માંથી પસાર થતાં જહાજો ઉપર સમુદ્રી ચાચીયાઓનું આક્રમણ વધતા ગંભીર કટોકટી સર્જાણી છે. કોરોના મહામારી પછીની આ સૌથી મોટી ગંભીર સમસ્યા છે. જેને કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પર ગંભીર અસરો પડી રહી છે. વિદેશમાંથી ભારતમાં આવતા જહાજો ઉપર પણ દરિયાઈ ચાંચિયાઓ આક્રમણ કરે છે એની સામે ભારતીય નેવીએ સખત પગલાં લેવાના શરૂ કરતા ભારતીય જહાજોને તથા અન્ય દેશોના જહાજોને ચાંચિયાઓ મુક્ત કરે છે જો આમ ન કરે તો ભારતીય નેવી તેના પર પ્રચંડ આક્રમણ કરી તેને નષ્ટ કરી નાખે આથી તેઓ જહાજોને છોડીને ભાગી જાય છે ભારતીય નેવીએ ભારતમાં આવતા ઘણા જહાજોને તેના સકંજામાંથી છોડાવ્યા છે વિદેશી જહાજોને પણ ભારતીય નેવીએ મદદ કરી છે.

હુથી આક્રમણકારોએ વિશ્વની આર્થિક સુધારણાને જોખમમાં મૂકી દીધી છે. માલસમાન તેમ જ તેલના ભાવમાં વધારો થતાં ફુગાવા વધશે. આ કટોકટીથી થયેલું નુકસાન પ્રારંભથી જ અબજો ડોલરમાં અંકાય છે તથા તે સતત વધતું જ રહેશે એવી ધારણા છે.

દુનિયાના ખૂબ જ વ્યસ્ત રહેતા જળમાર્ગો પૈકી આ સમુદ્રની ગણના થાય છે. સુએઝની નહેર મારફતે તે ભૂમધ્ય સમુદ્ર સાથે સંકળાયેલો હોઈ એશિયા અને યુરોપ વચ્ચે ચાલતો વેપાર આ ટૂંકા માર્ગથી થાય છે. વેપારી દૃષ્ટિએ આ માર્ગનું ઘણું મહત્વ અંકાય છે.

રાતો સમુદ્ર ધરતીકંપ કારણે ઉદ્દભવેલો વિશાળ ગર્ત છે. પ્રાચીન સમયથી આ સમુદ્ર વેપારી માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો રહ્યો છે. ૧૮૬૯માં સુએઝની નહેર તૈયાર કરવામાં આવી, તે અગાઉ ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્ર વચ્ચે ભૂમિમાર્ગો દ્વારા માલસામાન ઊંટો અને ગધેડાંઓ પર લાદીને લઈ જવાતો હતો.

સુએજ કટોકટીને કારણે જે નુકસાન થયું છે તેમાં માત્ર યુરોપનો વિચાર કરીએ તો વર્તમાન રકમ આશરે એક અબજ ડોલર જેટલી રકમ થાય છે.

હુથી હુમલાઓએ સુએઝ કેનાલ અને બાબ-અલ-માંડબ સામુદ્રધુનીમાંથી પસાર થતાં અસંખ્ય વેપારી જહાજોને દક્ષિણ આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપ નો ખૂબ લાંબો જલ માર્ગ લેવાની ફરજ પાડી છે. પરિવહનનું ખર્ચ અને સમય બંનેમાં વધારો થયો છે. સુએઝ કેનાલમાંથી પસાર થતાં તેલના ટેન્કરોની સંખ્યા ગયે મહિને નવેમ્બરની તુલનાએ ૨૩ ટકા જેટલી ઓછી હતી. એલપીજી અને એલએનજી માટે આ ઘટાડો વધુ તીવ્ર, એટલે કે અનુક્રમે ૬૫ અને ૭૩ ટકા જેટલો હતો. ભારત અને મધ્ય પૂર્વથી યુરોપ તરફના ડીઝલ અને જેટ ઇંધણના પ્રવાહને અને યુરોપથી એશિયા તરફ આવતા તેલ અને નેફ્થાને સૌથી વધુ અસર થઈ છે. પેટ્રોકેમિકલ્સનો કાચામાલ નેપ્થા યુરોપમાંથી મેળવવાનું મુશ્કેલ બનવાની સંભાવનાને કારણે તેના એશિયન ભાવ ગયા અઠવાડિયે છેલ્લા બે વર્ષની સર્વોચ્ચ સપાટીએ નોંધાયા હતા. રાતા સમુદ્રના હુમલાની અસર ઉંચા પરિવહન ખર્ચ દ્વારા તેલના ભાવોને અસર કરી રહી છે.

# ખરા નિર્ણાયક કોણ ?

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

આપણી લાગણી હંમેશા નાના લોકો સાથે જ જોડાયેલ હોય છે. રામાયણમાં ધોબી જે સ્ટેટમેન્ટ આપે છે તેને તત્કાલીન સમાજે સ્વીકાર્યું અને રામને ફરજ પણ પાડી. કાલમાર્કસની મજૂર માટે સિમ્પથી જ સામ્યવાદની તત્કાલીન સફળતા માટે જવાબદાર હતી. સીતા માતા અગ્નિ પરીક્ષામાં પાસ થાય અને ધરતી પ્રવેશ કરે છે ત્યારે ટૂંકી બુદ્ધિના ધોબી અને તેની વિચારધારાને અનુસરનાર તે વખતનો સમાજ ખૂબ પસ્તાવો કરે છે. આજ રીતે સામ્યવાદને લાવ્યા પછી દરેક સામ્યવાદી દેશની પ્રજા ભરપેટ પસ્તાય છે અને હજુ પણ દુ:ખી છે. જે સામ્યવાદની જરૂર ઇંગ્લેન્ડને હતી તેને બદલે એ વિચારધારા રશિયાએ ઉપાડી. ઔદ્યોગિક ક્રાંતિ તો ઇંગ્લેન્ડમાં થયેલી. મજૂર વર્ગતો ત્યાં હતો.પરંતુ લેનિન જેવું વ્યક્તિત્વ ઇંગ્લેન્ડમાં ન હતું પરંતુ રશિયમાં હતું. આથી સામ્યવાદની ક્રાંતિ રશિયામાં આવી. યથા રાજા તથા પ્રજા - જેવો નેતા તેવી પ્રજા. નેતા ભ્રષ્ટ તો પ્રજા પણ ભ્રષ્ટ જ રહેશે. આ એક ચર્ચાનો વિષય છે કે પ્રજા હોય તેવો નેતા હોય કે નેતા હોય એવી પ્રજા હોય ? ઇતિહાસ સાક્ષી છે કે જેવો નેતા એવી પ્રજા. અનેક ઉદાહરણો છે. પણ મૂળ વિષય એ છે કે માનવીની સંવેદના હંમેશા નાના માણસ સાથે જ જોડાયેલી છે. નાના માણસની મોટી અપ્રમાણિકતા પણ મોટા માણસ સામે નાની લાગતી હોય છે. હંમેશા આ લોકો એમ કહીને છટકી જતા હોય છે કે અમે તો નાના માણસ અમને શું ખબર પડે ? હમણાં ઘરે રીનોવેશન અને એક્સ્ટેનશન કરાવ્યું એટલે ઘણા નાના માણસો સાથે કામ પાર પાડવાનું આવ્યું. તેમની માનસિકતાનો બારીકાઈથી અભ્યાસ કરવાનો મોકો મળ્યો. આ મજૂર વર્ગ તેમના કામમાં દિલદગડાઈ કરે, અપ્રમાણિકતા કરે , બેદરકારી દાખવે, માલિકને હજારોનું નુક્શાન કરે આમ છતાં તેઓ એવી અપેક્ષા રાખે કે અમને શું ખબર પડે, અમે મજૂર માણસ, અમે ક્યાં ભણેલા છીએ. આવા બહાના હેઠળ - તેઓનો કઈ જ વાંક નથી આ નુકશાન તો સ્વીકારવુંજ રહ્યું. તમે કઈ પણ એક્શન લો એટલે સમાજ હંમેશા આ નબળા પક્ષ સાથે જ હોય કે નાના માણસને શું હેરાન કરવાનો, નાના માણસને આવું કરાય ? આવી શિખામણ દેવા પણ લોકો ટાંપીને બેઠા હોય છે. આ જ નાનો માણસ તેના પૈસા લેવામાં તેની મજૂરી લેવામાં એટલો જાગૃત અને દક્ષ હોય છે કે આપણે ભૂલી જઈએ કે સાલું પ્રોફેશનલ હું છું કે આ મજૂર ? એટલી ઝીણી ઝીણી વાતોની નોંધ તેમની પાસે હોય કે આપણને એમ થાય કે આટલું બારીકાઈથી તો પ્રોફેશનલ પણ તેની પ્રેક્ટિસમાં વિચારતો નથી.આ લોકો એટલા પ્રોફેશનલ કે તમે એક ખૂણામાં ઈંટ ઉતારવાનું કહો હવે ત્યાં જગ્યા ન રહે તો બાકીની ઈંટ એક ફૂટ દૂર (હા, એક જ ફૂટ દૂર) ઉતારવા કહો એટલે એમ કહે કે આપણે અહીંયા ઉતારવાની વાત થઈ હતી, જો એક ફૂટ દૂર ઉતારવી હોય તો એક્સ્ટ્રા ચાર્જ થશે. પોતાના સ્વાર્થ માટે આ નાના માણસની બુદ્ધિ કેટલું મોટું વિચારતી હોય એવું લાગે ? પૈસા માટે જેટલી જાગૃતિ એટલી કામ માટે નથી હોતી. ઘણી વખતતો આપણો વિષય ન હોય એવી બાબતમાં પણ આપણને એમ થાય કે આ રીતે કામ કર્યું તેના કરતાં આ રીતે કામ કર્યું હોત તો ઓછા ખર્ચે, ઓછા નુક્શાનથી થયું હોત. આ વાત એમને પણ ખબર હોય આમ છતાં બેદરકારી દાખવે અને તમે કંઈ કહો એટલે એમ કહે અમે મજૂર માણસ અમને શું ખબર પડે ? પણ એમનું બિલ હાથમાં આવે એટલે ખબર પડે કે એમને જેટલી ખબર પડતી હતી એટલી તો આપણને પણ ક્યાં પડે છે !

આ નાનો માણસ હંમેશા તેમની ટૂંકી બુદ્ધિ એ ટુક સમયમાં પોતાનો સ્વાર્થ સાધી લેવાની વાતનો જ વિચાર કરતો હોય છે. તેઓ હંમેશા આજનો જ વિચાર કરે છે, કે વધીને કાલનો ! પરંતુ લાંબા ગાળાનું આયોજન કે વિચાર તેમની પાસે નથી. તેમની તાકાત સત્તા પલટાવી નાખવાની હોય છે તેની તેમને જ ખબર નથી. જો લેનિન જેવો નેતા મળે તો સત્તા પલટાવી શકે છે પરંતુ લાંબો વિચાર અને દીર્ઘ દ્રષ્ટિના અભાવે એ પોતાના પગ પર જ કુહાડો મારતા હોય છે. ટૂંકા સ્વાર્થમાં લાંબુ નુકશાન કરતા હોય છે.

તેઓ ઝડપથી બીજા દ્વારા દોરવાઈ જાય છે. બીજાનો હાથો બની જતા હોય છે. જેનો લાભ રાજકીય લેવલ પર ખાસ લેવાતો હોય છે. એમની ટૂંકી બુદ્ધિની અપ્રમાણિકતાનો લાભ અને તેમની બસો પાંચસો રૂપિયાના લોભની માનસિકતાનો, આ નેતાઓ બેખૂબીથી ઉપયોગ કરી જતા હોય છે એમની તેમને ખબર જ નથી. તેઓ તેમની સાથે કામ કરનારા કે તેમના પડોશી આ જ તેનું વિશ્વ તેનાથી તેને બહાર જોવાની શક્તિ જ નથી. ઉપર ઉઠવાની પણ તૈયારી જ નથી.

-સમાજનો આવો વર્ગ રાષ્ટ્રના યોગદાનમાં નિર્ણાયક સાબિત થતો હોય છે પરંતુ એમને જ ખબર નથી કે તેઓ ખરા નિર્ણાયક છે !

# દક્ષિણ ભારતની 129 બેઠક નિર્ણાયક

## તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ, કર્ણાટકમાં ભાજપને પુનરાવર્તનની આશા તો કેરળમાં INDIA ગઠબંધનને ફાયદો થઈ શકે

ધાર્યા કરતા વિપરીત મિજાજ બતાવવા માટે દક્ષિણ ભારતીય નાગરિકો જાણીતા છે. દક્ષિણ ભારતના પાંચ રાજ્યોમાં સ્થાનિક પક્ષો વચ્ચે પણ સંસદ માટે સીધો જંગ છે તો રાષ્ટ્રીય પક્ષો માટે ગઠબંધનનો માર્ગ વધુ મોકળો છે. તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ જોવા મળે છે તો કર્ણાટકમાં ભાજપને પુનરાવર્તનની આશા છે. કેરળમાં INDIA ગઠબંધનને ફાયદો થઇ શકે છે.

તમિલનાડુ દક્ષિણ ભારતમાં સૌથી વધુ બેઠકો ધરાવતું રાજ્ય છે. ૩૯ બેઠકો માટે આ રાજ્યમાં ત્રિપાંખિયો જંગ ખેલાશે. એમ.કે. સ્ટાલિનના DMK અને AIADMK વચ્ચે તમિલનાડુમાં વર્ષોથી સીધો જંગ જામે છે. સ્ટાલિને ઇન્ડિયા ગઠબંધનમાં જોડાણ કર્યું છે એટલે રાજ્યમાં DMK ૩૯માંથી ૨૨ બેઠકો પર ચૂંટણી લડે છે. કોંગ્રેસ ૯ બેઠકો, સીપીઆઇએમ બે, સીપીઆઇ બે અને ઇન્ડિયન મુસ્લિમ લીગ એક બેઠક પર ચૂંટણી લડી રહી છે.

એમજીઆરે સ્થાપેલી પાર્ટી AIADMK ૩૪ બેઠકો પર ચૂંટણી લડશે. AIADMK એ સ્થાનિક પાર્ટીઓ સાથે ગઠબંધન કરીને પાંચ બેઠકો તેમને આપી છે. જયલલિતાના સમયમાં AIADMK નો સુવર્ણયુગ ચાલતો હતો પરંતુ તેમના નિધન બાદ પાર્ટી વેરવિખેર થઇ ગઇ હોવાથી તેનો સીધો લાભ DMKને મળી રહ્યો છે. ભાજપે પણ તમિલનાડુમાં સ્થાનિક નવ પાર્ટીઓ સાથે ગઠબંધન કર્યું છે. ભાજપ ૨૨ બેઠકો પર લડે છે. પીએમકે ૧૦ બેઠકો પર લડશે. TMC (M)ને ત્રણ બેઠકો ફાળવાઇ છે. તે સિવાયની જે તે વિસ્તારમાં પ્રભાવ હોય એવી પાર્ટીઓને એક-એક બેઠકો આપવામાં આવી છે. મતોના વિભાજન પર તમિલનાડુના પરિણામોનો મુખ્ય આધાર રહેશે.

દક્ષિણના રાજ્યોમાંથી સત્તાધારી ભાજપને સૌથી વધુ આશા કર્ણાટકથી છે. કર્ણાટકમાં ભાજપ અને જનતાદળ (એસ)નું ગઠબંધન છે. પૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવગૌડાની પાર્ટી રાજ્યમાં ત્રણ બેઠકો પર ચૂંટણી લડે છે. ભાજપે ૨૫ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. કોંગ્રેસે તમામ ૨૮ બેઠકો પર એકલા હાથે ઝંપલાવ્યું છે.




ગત વર્ષે થયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૨૨૪માંથી ૧૩૫ બેઠકો મળી હતી. રાજ્યમાં કોંગ્રેસ સત્તામાં છે અને વિધાનસભાની જેમ જ લોકસભામાં પણ ધારી સફળતા મળશે એવી આશા છે. ૨૦૧૯માં કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી. એક બેઠક JDSના ફાળે ગઇ હતી. ૨૫ બેઠકો પર કમળ ખીલ્યું હતું. ભાજપને એવી આશા છે કે રાજ્યના મુદ્દા અલગ હોય છે, પરંતુ કેન્દ્રની યોજનાઓ અને કેન્દ્રીય નેતૃત્વને ધ્યાનમાં રાખીને લોકો મતદાન કરતા હોવાથી આ વખતે પણ ભાજપ ૨૫ બેઠકો મેળવશે. ભાજપે તો ગઠબંધન સહિત તમામ ૨૮ બેઠકો જીતવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

દક્ષિણ ભારતના જે રાજ્યોમાં કોંગ્રેસને ખુબ આશા છે એમાનું એક રાજ્ય કેરળ છે. ૨૦૧૯માં કોંગ્રેસે ત્રણ સ્થાનિક પાર્ટીઓ સાથે જોડાણ કર્યું હતું. કોંગ્રેસે ૧૬

કરંટ ટોપિક

બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ચાર બેઠકો સાથી પક્ષોને આપી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં ગઠબંધનને ૧૯ બેઠકો મળી હતી. કોંગ્રેસના ૧૬માંથી ૧૫ ઉમેદવારો વિજેતા બન્યા હતા. દેશભરમાં ગત ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરાં ચઢાણ હતા ત્યારે કેરળમાંથી રાહત મળી હતી. રાહુલ ગાંધી અમેઠીમાંથી હાર્યા હતા પણ વાયનાડથી મોટા માર્જિનથી જીત્યા હતા. NDA ગઠબંધનને એક પણ બેઠક મળી નહતી. આ ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં INDIA ગઠબંધનનો સામનો ડાબેરી ઉપરાંત NDA ગઠબંધન સાથે છે. રાજ્યમાં ત્રિપાંખિયો જંગ ખેલાશે. અન્ય રાજ્યોમાં CPIM,CPI સાથે કોંગ્રેસનું ગઠબંધન છે પરંતુ કેરળમાં સ્થાનિક નેતાઓ વચ્ચે ભારે સ્પર્ધા છે. કેરળ કોંગ્રેસના નેતાઓ ડાબેરી પાર્ટીઓ સાથે ગઠબંધન કરવાના પક્ષમાં ન હોવાથી આખરે કોંગ્રેસે ૨૦૧૯ના જૂના સાથી પક્ષો સાથે જ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

આંધ્ર પ્રદેશમાં લોકસભાની સાથે વિધાનસભાની પણ ચૂંટણી છે. આંધ્ર પ્રદેશમાં વિધાનસભાની ૧૭૫ બેઠકો છે. બહુમતી માટે ૮૮ બેઠકોની જરૂર પડે છે. લોકસભાની ૨૫ બેઠકો છે. ગત ચૂંટણીમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના જગનમોહન રેડ્ડીએ ૧૩૫ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. એટલું જ નહીં, લોકસભામાં પણ ૨૫માંથી ૨૨ બેઠકો મેળવી હતી. અત્યારે સંસદમાં ૨૨ બેઠકો સાથે વાયએસઆર કોંગ્રેસ પાંચમી મોટી પાર્ટી છે. રાજ્યમાં વાયએસઆરની સીધી ટક્કર તેલુગુ દેશમ પાર્ટી (TDP) સાથે છે. TDPને ૨૦૧૯માં વિધાનસભાની માત્ર ૨૩ બેઠકો મળી હતીને લોકસભાની માત્ર ત્રણ બેઠકો પર વિજય થયો હતો. આ ચૂંટણીમાં વાયએસઆર તમામ ૨૫ બેઠકો પર એકલા ચૂંટણી લડે છે. TDPનું ભાજપ સાથે ગઠબંધન છે. ૧૭ બેઠકો પર TDP ચૂંટણી લડે છે. ૬ બેઠકો ભાજપના હિસ્સામાં આવી છે. બે બેઠકો જન સેના પાર્ટીને મલી છે. કોંગ્રેસે સીપીઆઈએમ અને સીપીઆઇ સાથે ગઠબંધન કર્યું છે.

આંધ્ર પ્રદેશમાંથી અલગ થયા બાદ તેલંગણામાં લોકસભાની આ બીજી ચૂંટણી છે. અગાઉ આંધ્ર પ્રદેશની કુલ ૪૨ બેઠકો હતી. ૨૦૧૪માં એ બેઠકોની ચૂંટણી સાથે થયેલી. ૨૦૧૪થી નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ૨૦૧૯માં પ્રથમ વખત રાજ્યની ૧૭ બેઠકોની ચૂંટણી થઇ હતી. એમાં કેસીઆરની પાર્ટી તેલંગમા રાષ્ટ્રીય સમિતિને નવ બેઠકો મળી હતી. ભાજપ ચાર બેઠક જીતવામાં સફળ થઇ હતી. કોંગ્રેસને ત્રણ અને ઓવૈસીની છૈસૈંસ્ને એક બેઠક મળી હતી. આ ઇલેક્શનમાં ટીઆરએસમાંથી નામ બદલીને ભારતીય રાષ્ટ્રીય સમિતિ (બીઆરએસ) બનેલી કેસીઆરની પાર્ટીનો બે નેશનલ પાર્ટી ભાજપ-કોંગ્રેસ સામે જંગ છે. આ ત્રિપાંખિયા જંગમાં કોંગ્રેસને ૧૦થી ૧૨ બેઠકો જીતવાની આશા છે. કેસીઆરની પાર્ટી નબળી પડી હોવાથી હજુ ગત વર્ષે તેલંગાણાની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે વિજય મેળવ્યો હતો. ડિસેમ્બર-૨૦૨૩માં મુખ્યમંત્રી બનેલા રેવન્ત રેડ્ડી રાજ્યમાં લોકપ્રિય નેતા છે. કોંગ્રેસે રેવન્ત રેડ્ડીના ભરોસે આ ચૂંટણી પાર ઉતારવાનો વ્યુહ ઘડ્યો છે. છેલ્લા ચારેક મહિનામાં રેવન્ત રેડ્ડીએ રાજ્યમાં જે નિર્ણયો કર્યા છે તેની અસર પણ થશે. ખાસ તો ખેડૂતો માટે કરેલી જાહેરાતોનો લાભ થશે. ભાજપે કેસીઆર અને કોંગ્રેસ બન્ને સામે પડકાર ખડો કર્યો છે. ભાજપનો પ્રભાવ અટકાવવા કોંગ્રેસ એડીચોટીનું બળ લગાવે છે.

# ઓનલાઇન ખરીદીનો મોહભંગ થઈ રહ્યો છે

**છેલ્લા કેટલાક મહિનાઓથી ઓનલાઇન ખરીદી માટેનો ક્રેઝ ઝડપભેર ઘટી રહ્યો છે કારણ કે ધીમે ધીમે લોકોને એ વાતનો ખ્યાલ આવી રહ્યો છે કે ઓનલાઇન ખરીદી સસ્તી નથી આમાં પણ ખોટું થાય છે આના કરતા બજારમાંથી રોકડા પૈસા આપીને ખરીદવામાં છેતરાવાનો ભય ઓછો રહે છે**

ભાવનગરના ભુપતભાઈએ ઓનલાઈન વેબસાઇટ પરથી બે ચીજો ખરીદી હતી પરંતુ વેબસાઇટ એ બેને બદલે ત્રણ ચીજો નાખી દીધી અને એ રીતે ત્રણના પૈસા ભૂલમાં ભુપતભાઈએ ચૂકવી દીધા. ભાવનગરના મધુબેને ઓનલાઈન વેબસાઈટમાં લવાજમ ભરવાનું હતું.પણ વેબસાઈટ મધુબેનની જાણ બહાર જ એક મહિનાને બદલે ત્રણ મહિનાનું લવાજમ લઈ લીધું.

આવા કાવા દાવા ઓનલાઈન વેપાર કરતી અમુક કંપનીઓ કરી રહી છે તેની જાણ હવે ધીમે ધીમે લોકોને થવા લાગી છે લોકો વિચારે છે કે આના કરતા બજારમાં જઈને રોકડેથી ખરીદ કરીએ તો છેતરાવાનું બને નહીં

અમુક વેબસાઈટ તો માગી હોય એના કરતાં જુદી જ વસ્તુ આપી વધુ કિંમત વસુલે. એવું બને કોઈ વાર એક વસ્તુ મંગાવવામાં આવે અને તે વસ્તુ ખરાબ નીકળે તો મુશ્કેલીનો પાર રહેતો નથી. આમાં એવી પણ વેબસાઈટ જ છે જે વસ્તુ આવે પછી પૈસા ચૂકવવા નું પ્રોમિસ આપે છે પરંતુ જો આ જ વસ્તુ સેકન્ડ ગ્રેડની હોય તો ટૂંક સમયમાં બગડી જાય છે અને આ વસ્તુ બગડે પછી તેનો કોઈ જવાબ સહેલાઈથી મળતો નથી એને બદલે આવી ઇલેક્ટ્રોનિક વસ્તુ જો બજારમાંથી ખરીદી હોય તો તમે વ્યાપારી પાસે સહેલાઈથી જઈ શકો એની પાસે રીપેર કરાવી શકો અથવા રિપ્લેસમેન્ટ કરાવી શકો પરંતુ ઓનલાઇન આ વસ્તુ કરવી ખૂબ મુશ્કેલ છે

જયસુખભાઈ ઓનલાઈન મુસાફરીની ટિકિટ મંગાવી અને તેની જાણ બહાર જ તે ટિકિટ સાથે મુસાફરીનો વીમો પણ ડિફોલ્ટ ઓપ્શન તરીકે પધરાવી દીધો આથી ઓનલાઇન વેબસાઈટ પર તમે જે કંઈક ખરીદો છો તેના પર જો તમે સાવચેતી પૂર્વકની નજર નાખો તો તમે સો ટકા આર્થિક રીતે નુકસાનીમાં ઉતરી જશો કારણ કે આ કંપનીની ચાલાકી હવે લોકોની સમજમાં આવતી જાય છે અને ધીમે ધીમે આ ક્રેઝ ઘટતો જાય છે

માણસની પ્રકૃત્તિ એવી છે કે કોઈ વસ્તુની બજારમાં જો તંગી હોય તો એ ખરીદવા લોકો દોટ મૂકે છે. લક્ઝરી ચીજોના વેચાણકારો જ્યારે લિમિટેડ એડિશનની હેન્ડબેગ્સ કે ઘડિયાળો બજારમાં મૂકે ત્યારે લોકોના આ જ સ્વભાવનો લાભ લે છે અને ધનાઢ્ય લોકો મર્યાદિત સંખ્યામાં બજારમાં મૂકાયેલી એવી ચીજો ખરીદવા માટે પડાપડી કરે છે.

જો કે માત્ર લક્ઝરી ચીજોના વેચાણકારો જ નહીં, તમારા લત્તાનો કોઈ દુકાનદાર અથવા તો કોઈ શોપિંગ વેબસાઈટ પણ આવી પ્રયુક્તિ અજમાવી શકે છે. હવે ફલાણી ચીજનું વેચાણ થોડીક વારમાં બંધ થઈ જશે એવું વાંચીને તમે ક્યારેય અડધી રાતે ખરીદી કરી છે? હવે માત્ર બે જ આઈટમ બચી છે એવું વાંચીને તમે ક્યારેય કોઈ ચોક્કસ સાઈઝ કે કલરના શર્ટ પર ક્લિક કરી દીધું છે? કોઈ ગિફ્ટ કુપનની દે અવિધ જલદીથી પૂરી થઈ જશે એવા કારણસર તમે બિનજરૂરી બુટ પર ક્યારેય પાંચ હજાર વેડફી નાખ્યા છે?

આ તમામ પ્રલોભનો કશુંક શક્ય તેટલી – ઝડપથી ખરીદી લેવાની ઉતાવળ તમારા સ મનમાં જન્માવે છે. આ રીતે ભોળવાઈ જવાને બદલે તમે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

તમારી જાતને એ હકીક્ત યાદ દેવડાવો કે તમારે જે કંઈ જોઈએ છે એ ખરીદવાના અવસરો ભવિષ્યમાં આવવાના જ છે.

કેટલાંક પ્લેટફોર્મ્સ તમારી લાગણીઓ સાથે રમત રમતાં હોય છે. તમારે 'નો' પર ક્લિક કરવું હોય ત્યારે તમને મિસ ગાઈડ કરીને અલગ વેબસાઈટ પર લઈ જવામાં આવે તમે ડીલીટ કરવા જાવ તો ડીલીટ ન થાય અને નવી નવી ઓફરો અને લોભાવની જાહેરાતો દેખાડવામાં આવે અને તમને યસ પર ક્લિક કરવા માટે મજબૂર કરવામાં આવે એવું પણ આવી સાઈટો કરતી હોય છે કોઈપણ ભોગે તમારા ખીચામાંથી પૈસા કઢાવવા ના આ બધા કાર્સા હોય છે!

તમારે વધારાની વસ્તુ ખરીદ નથી કરવી. તમે મનમાં નક્કી કર્યું હોય છતાં આ સાઇટ તમને યસ પર ક્લિક કરવા માટે પ્રેરિત કરે છે તમારામાં શરમ ભાવ ઉભો કરે છે અપરાધ ભાવ ઉભો કરે છે. ડોનેશન માગતી વેબસાઈટ આવું કરે છે. અત્યંત મજબૂર માસુમ બાળકો ના ફોટા મૂકીને તેના માટે તે ડોનેશન માંગે છે અને માનવીના દિલમાં કરુણા ભાવ જાગૃત થતા તે ક્લિક કરીને ડોનેશન આપી દે છે આ ડોનેશન કોના ખાતામાં જાય છે એની કોઈને ખબર પડતી નથી!

તમે જો એ વાત યાદ રાખો કે આ બધું તમારી લાગણીઓ સાથે રમીને તમને વિવશ કરવા માટે જ થતું હોય છે તો તમે એની અવગણના કરી શકશો.

તમે ઓનલાઈન ખરીદી કર્યા પછી ચૂકવણી કરતી વખતે ઉતાવળ કરો છો? જો એવું કરતા હો તો શક્ય છે કે એકાદ- બે ચીજો તમને વધારે પધરાવી દેવામાં આવે. એ પણ શક્ય છે કે કોઈ ચીજ ખરીદતી વખતે એનો જે ભાવ તમે જોયો હોય એના કરતાં વધુ ભાવ લેવાય. અને એ પણ તમારી જાણ બહાર. આમાં હીડન ચાર્જ ઉમેરવામાં આવે છે જે તમને દેખાડવામાં નથી આવતો પરંતુ બેંકમાંથી પૈસા જાય ત્યારે જ ખબર પડે છે કે વધારે પડતા પૈસા ચૂકવાના છે.

બાસ્કેટ સ્નીકિંગ નામની આ પ્રયુક્તિમાં છે એવું થતું હોય છે કે તમે બે ચીજ ખરીદીને કાર્ટમાં નાખી હોય, પણ ચેક-આઉટ વખતે વેબસાઈટે બેને બદલે ત્રણ ચીજ કાર્ટમાં નાખી દીધી હોય. આ રીતે તમે ઉતાવળમાં ત્રણ ચીજના પૈસા ચૂકવી દેતા હો છો. વેબસાઈટો ક્યારેક મિનિમમ ઓર્ડરના બહાને પણ તમને એકને બદલે ત્રણ ચીજો પધરાવી દેતી હોય છે. અથવા તો તમારી જાણબહાર જ વધુ મહિનાનું લવાજમ એડ કરી દેતી હોય છે. ઘણી ટિકિટ બુકિંગ સાઈટો તમારી જાણબહાર તમને ટિકિટ સાથે મુસાફરીનો વીમો પણ ડિફોલ્ટ ઓપ્શન તરીકે પધરાવી દેતી હોય છે. આથી તમે જે કંઈ પણ ખરીદો છો એના પર નજર રાખો અને તમને વણજોઈતી ચીજો કાર્ટમાં ઉમેરાયેલી દેખાય તો એને કાઢી નાખો.

આમ ઓનલાઇન છેતરપિંડી થી તમે બચી શકો છો જ્યારે તમે ઓનલાઇન જાવ અને વસ્તુ મંગાવો ત્યારે બરોબર ચેક કરો નહીં તો તમારા ખિસ્સા નો ભાર ખૂબ જ સહેલાઈથી હળવો થઈ જશે અને તમને ખબર પણ નહીં પડે !

# નોકરી કરતા લોકો માટે સ્વર્ગ સમાન આ પાંચ દેશ

## આ પાંચ દેશો જ્યાં કર્મચારીઓને સૌથી વધુ સુવિધાઓ મળે છે

ન્યુઝીલેન્ડ

નોકરી કરતા લોકો માટે કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવવું ખૂબ મુશ્કેલ છે. ખાસ કરીને સ્ત્રીઓ માટે. બાળકોનો ઉછેર હોય કે પરિવારનું ધ્યાન રાખવું, દરેક વખતે તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરવાને કારણે ઘણી વખત રજાઓ મળતી નથી. જરૂર પડ્યે પણ સમયસર પહોંચી શકતા નથી. પરંતુ આ પાંચ દેશો જ્યાં કર્મચારીઓને સૌથી વધુ સુવિધાઓ મળે છે.

રિપોર્ટમાં કર્મચારીઓને આપવામાં આવતી સુવિધાઓના આધારે રેન્કિંગ આપવામાં આવ્યું છે. જેમ કે કયા દેશોમાં કર્મચારીઓને કેટલી રજાઓ મળે છે? તેમનો લઘુત્તમ પગાર કેટલો છે? જ્યારે તેઓ બીમાર પડે છે ત્યારે તેમના માટે શું સુવિધાઓ છે? મહિલાઓને કેટલી પ્રસૂતિ રજા આપવામાં આવે છે વગેરે. આ પછી પાંચ દેશોમાં સર્ચ કરવામાં આવ્યું છે. ન્યુઝીલેન્ડ નંબર વન પર છે. અહીં મહિલાઓને ૨૬ અઠવાડિયાની પ્રસૂતિ રજા મળે છે. પગાર પણ ઘણો વધારે છે. દર વર્ષે ૩૨ લીવ આપવામાં આવે છે. અહીં કામનું દબાણ નથી. ૧૪% કર્મચારીઓ દર અઠવાડિયે ૫૦ કલાકથી વધુ કામ કરે છે. તેની પાસે દરરોજ ૧૫ કલાક છે, જેનો ઉપયોગ તે તેના પરિવાર માટે કરે છે. જ્યારે ઘણા સમૃદ્ધ દેશોમાં આવું નથી હોતું.

બીજા નંબર પર સ્પેન છે. અહીં દર વર્ષે ૨૬ રજાઓ આવે છે, જેને લોકો પણ લે છે. માત્ર ૨.૫% લોકો ઓવરટાઈમ કામ કરે છે. ઘણા લોકો આ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી કરે છે. અહીં કર્મચારીઓને એક કલાક આરામ આપવામાં આવે છે. જ્યારે યુકે અને આયર્લેન્ડમાં ઘણા લોકો તેમનો બધો સમય કામ પર વિતાવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ૨૦૧૬માં સ્પેનના તત્કાલિન વડાપ્રધાને કર્મચારીઓને જલ્દી રજા આપવાનું કહ્યું હતું.

ડેનમાર્ક ત્રીજા નંબરે છે. અહીં લોકો સામાન્ય રીતે સવારે ૮ વાગ્યે કામ શરૂ કરે છે અને ૪ વાગ્યે સમાપ્ત થાય છે. આ પછી કંપનીમાં રહેવું પણ ગુનો માનવામાં આવે છે.

# દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને હરાવ્યું

## ગુજરાત ટાઈટન્સને ૧૭.૩ ઓવરમાં ૮૯ રન પર ઓલઆઉટ : આ સીઝનમાં સૌથી ઓછો સ્કોર

મુંબઇ,

દિલ્હી કેપિટલ્સે બુધવારે ઓછા સ્કોર વાળી IPL મેચમાં ગુજરાત ટાઈટન્સને છ વિકેટથી મ્હાત આપી. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કરતા ગુજરાત ટાઈટન્સને ૧૭.૩ ઓવરમાં ૮૯ રન પર ઓલઆઉટ કરી નાખ્યા જે આ સીઝનમાં કોઈ પણ ટીમનો સૌથી ઓછો સ્કોર છે.

ગુજરાત ટાઈટન્સનો આ આઈપીએલમાં અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર પણ હતો. છેલ્લી અમુક મેચોમાં દિલ્હી કેપિટલ્સના બોલર એટલું સારૂ પ્રદર્શન ન હતા કરી રહ્યા પરંતુ આખરે આ મેચમાં તેમનો જલવો જોવા મળ્યો. મુકેશ કુમાર સૌથી વધારે સફળ બોલર રહ્યા તેમણે ૧૪ રન આપીને ત્રણ વિકેટ લીધી જ્યારે ઈશાન શર્માએ આઠ રન આપીને ૨ અને ટ્રિસ્ટન સ્ટબ્સને પોતાની એક ઓવરમાં બે વિકેટ મેળવી. ગુજરાત ટાઈટન્સની બેટિંગ ખૂબ જ ખરાબ રહી તેમનામાં ફક્ત ત્રણ જ ખેલાડી ડબલ ફિગર સુધી પહોંચી શક્યા હતા. જેમાં રાશિદ ખાને સૌથી વધારે ૨૪ બોલમાં ૩૧ રન બનાવ્યા તેમણે ટીમની ઈનિંગની એક માત્ર સીક્સ પણ મારી. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે પોતાની હાર માટે પોતાની ખરાબ બેટિંગને જવાબદાર ગણાવી. તેમણે કહ્યું, "અમે એવરેજ બેટિંગ કરી. અમારે આ મેચને ભૂલીને આગળ વધવું પડશે. પીચ સારી હતી પરંતુ અમારી બેટિંગના શોટની પસંદગી ખરાબ રહી. વિકેટ ઠીક હતી પરંતુ જો તમે અમારા આઉટ થવાની રીતને જોશો તો તેનું પિચ સાથે કોઈ લેવાદેવ ન હતું.

# શાળામાં નમાજ પઢી શકાય નહીં લંડન હાઈકોર્ટનો ચુકાદો

## રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી વિશેષ નથી

વેમ્બલી

શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે ઘણા વિવાદ થતા હોય છે પણ લંડનની હાઈકોર્ટે આ મુદ્દે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. કોર્ટે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કરેલી શાળામાં નમાજ પઢવાની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોઈ પણ રીતિ રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી ઉપર નથી.

લંડનના વેમ્બલીમાં મિશેલા સ્કુલના નિયમો સામે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કોર્ટમાં અરજી કરી હતી. તેની દલીલ હતી કે, શાળામાં



તેના ધર્મની પ્રાર્થના કરવા પ્રતિબંધ છે અને તેની સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરાય છે. તેના જવાબમાં સરકારી શાળા મિશેલાએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, 'મુસ્લિમ વિદ્યાર્થીનીને નમાજ પઢવાની મંજુરી આપવાથી વિદ્યાર્થીઓમાં સમાવેશી દ્રષ્ટિકોણ નબળો પડવાનું જોખમ છે.'

અરજીને ફગાવતા ૮૩ પાનાના ચુકાદામાં જજ થોમસ લિંડેને જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીનીએ શાળામાં પ્રવેશ લીધો ત્યારે તેણે તમામ નિયમો સ્વીકાર્યા હતા. જેમાં એવું પણ જણાવાયું હતું કે, તેને ધર્મને આધારે કોઈ પ્રકારની છુટછાટ આપવામાં નહીં આવે.' વિદ્યાર્થીનીએ આરોપ મૂકયો હતો કે, 'શાળાના પ્રતિબંધને કારણે તેના ધાર્મિક સ્વતંત્રતાના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ એક પ્રકારનો ભેદભાવ છે, જે ધાર્મિક લઘુમતી સમાજને અલગ હોવાનો અહેસાસ કરાવે છે.

# પાકિસ્તાનની પ્રખ્યાત અભિનેત્રી બુશરા અંસારીએ ૬૬ વર્ષની વયે બીજા લગ્ન કર્યા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાની દિગ્ગજ સ્ટાર બુશરા અંસારી વિશ્વભરમાં ચાહકો દ્વારા પસંદ કરવામાં આવે છે. જેની ફળદાયી કારકિર્દી ત્રણ દાયકાથી વધુ લાંબી છે, તેને તેની અભિનય યાત્રા દરમિયાન કેટલાક સૌથી યાદગાર પ્રદર્શન આપ્યા છે. અંસારી પણ એવા છે, જે પોતાના મનની વાત કરવામાં શરમાતા નથી.

જ્યારે તે તેના અંગત જીવનને તેના વ્યાવસાયિક મોરચાથી અલગ રાખવાનું પસંદ કરે છે, ત્યારે આ વર્ષે જાન્યુઆરીમાં, ઉદારી સ્ટારે પ્રથમ વખત તેના લગ્ન અને છૂટાછેડા- વિશે વાત કરી હતી. સ્થાનિક ટીવી ચેનલ પર અહેસાન ખાન સાથેની વાતચીતમાં, અન્સારીએ ખુલાસો કર્યો હતો કે તેને પાંચ વર્ષ પહેલા છૂટાછેડા લીધા હતા અને તે ક્યારેય તેના ચાહકો સાથે આ બાબત શેર કરી નથી અને શા માટે તે હજી પણ તેના સંઘર્ષને શેર કરવાનું ટાળે છે. ''સેલિબ્રિટી બનવાની સમસ્યા એ છે કે આપણી બધી સફળતાની જેમ, આપણી સમસ્યાઓ પણ જીવન કરતાં મોટી બની જાય છે. એટલી બધી કે જેઓ આપણને આદર્શ બનાવે છે તેમની સફળતા કે નિષ્ફળતા બની જાય છે,'' તેને કહ્યું હતું. અંસારીએ ઉમેર્યું હતું કે તે તેની સમસ્યાઓ જાહેર કરવા માંગતી નથી કારણ કે તેના ચાહકો નિરાશ થઈ શકે છે. સ્ટારે ઉમેર્યું હતું.



# કપિલ શર્મા વૈષ્ણોદેવી મંદિરમાં ભજન ગાઈને માની ભક્તિમાં લીન થયા



જમ્મુ,

એક્ટર કોમેડિયન કપિલ શર્મા આ દિવસોમાં નેટફ્લિક્સ ઓરિજલ કોમેડી શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં વ્યસ્ત છે. પોતાની વ્યસ્ત શેડ્યુઅલમાંથી સમય નીકાળીને એક દિવસ પહેલાં જમ્મુ સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિર પહોંચ્યા હતા. કપિલની સાથે પત્ની અને બાળકો પણ હતા. જમ્મુતી કપિલની તસવીરો અને વિડીયો સામે આવી રહ્યા છે. શ્રી માતા વૈષ્ણો દેવીની આરાધના કરતા જોઈ શકાય છે. આ સાથે માતા રાનીની આરાધન કરતા જોઈ શકાય છે. કપિલ માતા રાનીના ગીત ગાઈ રહ્યા છે. આ સાથે એક પૂરી મંડળી છે. કપિલ શર્માએ આશા ફિલ્મના તૂને મુઝે બુલાયા સહિત અનેક ભક્તિ ફિલ્મો ગાયા હતા. પહેલાં કપિલ શર્માએ પત્ની અને બાળકોની સાથે માતા વૈષ્ણો દેવીના દર્શન કરીને આશીર્વાદ લીધા અને પછી માતાના ભજન કર્યા. આ દરમિયાન ગિન્ની અને બાળકો માતાની ભક્તિમાં રમતા જોવા મળ્યા.

# સમગ્ર વિશ્વમાં ઓરીનો ખતરો : ભારતમાં પણ વાયરલ રોગનું સંકટ વધી રહ્યું છે

નવીદિલ્હી,

વિશ્વના સૌથી ઘાતક રોગોની યાદીમાં ઓરીનો પણ સમાવેશ થાય છે, જેને બોલચાલમાં ઓરી પણ કહેવામાં આવે છે. આ એક વાયરલ રોગ છે જે રૂબીઓલા વાયરસથી થાય છે. જો ઓરીથી પીડિત વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે, તો વાયરસ વ્યક્તિના લાળના કણોમાં વહી જાય છે અને હવામાં ફેલાય છે. ઓરીથી સંક્રમિત વ્યક્તિ ૧૨ થી ૧૮ લોકોને સીધો ચેપ લગાવી શકે છે. હાલમાં તે અમેરિકા માટે ચિંતાનું કારણ બની ગયું છે. હકીકતમાં, ઓરી ફરી એકવાર અમેરિકામાં પાછી આવી છે. ડેટા અનુસાર, ૨૦૨૪માં ૩ એપ્રિલ સુધી કુલ ૧૧૩ કેસ નોંધાયા છે. અમેરિકા મુશ્કેલીમાં છે કારણ કે વર્ષ ૨૦૦૦માં અહીં ઓરી નાબૂદ થઈ હતી. તે પછી કેટલાક મામલાઓ સામે આવ્યા પરંતુ યુએસ દરેક વખતે તેનો સામનો કરવામાં સફળ રહ્યું. પછી વર્ષ ૨૦૧૯ આવ્યું જ્યારે ઓરીએ ૨૫ વર્ષમાં સૌથી ગંભીર સ્વરૂપ લીધું. તે વર્ષે ૧૨૭૪



કેસ નોંધાયા હતા. જો આપણે તે મુજબ જોઈએ તો ૨૦૨૪ ના કેસ તુલનાત્મક રીતે ઓછા છે. પરંતુ યુએસ સેન્ટર ઓફ ડિસીઝ કંટ્રોલ અનુસાર, જો આપણે આ વર્ષના પ્રથમ ત્રણ મહિનાની સરખામણી છેલ્લા ત્રણ વર્ષના પ્રથમ ત્રણ મહિના સાથે કરીએ તો આ વખતે આ સંખ્યા સરેરાશ કરતા ૧૭ ગણી વધારે છે. આખરે અમેરિકામાં ઓરીનો ખતરો કેમ પાછો આવ્યો અને ભારત સહિત અન્ય દેશોમાં શું સ્થિતિ છે? એવું નથી કે આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયો છે. અત્યારે પણ આ રોગ ઘણા દેશોમાં સામાન્ય રોગ છે. અમેરિકામાં, ઓરીના કેસ એવા લોકો દ્વારા ફેલાય છે જેમને રસી આપવામાં આવી નથી. મોટાભાગના તાજેતરના પ્રકોપમાં રસી વિનાના અમેરિકનોનો સમાવેશ થાય છે જેઓ મધ્ય પૂર્વ અને આફ્રિકામાં ચેપગ્રસ્ત થયા હતા અને ઓરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં પાછા લાવ્યા હતા, સીડીસી અહેવાલ આપે છે. અમેરિકામાં, ન્યુયોર્ક, ફિલાડેલ્ફિયા અને શિકાગો સહિત ૧૭ રાજ્યોમાં ઓરી ફેલાઈ ગઈ છે. ૬૧માંથી અડધાથી વધુ કેસ શિકાગોથી આવ્યા છે. આ તે લોકોમાં વધુ જોવા મળે છે જેઓ સ્થળાંતરિત આશ્રયસ્થાનોમાં રહે છે.

# બ્લુ સ્ટારની ૬૦થી ૬૦૦ લિટરના ઉર્જા-કાર્યક્ષમ ડીપ ફ્રીઝર્સની નવી રેન્જ લૉન્ચ




બ્લુ સ્ટારે વિવિધ સેગમેન્ટ ના ગ્રાહકો માટે ૬૦ થી ૬૦૦ લિટરની ક્ષમતા માં ઉર્જા-કાર્યક્ષમ અને ઈકો ફ્રેન્ડલી ડીપ ફ્રીઝર્સ ની વ્યાપક શ્રેણી રજુ કરી છૅ. નવી રેન્જ ના ડીપ ફ્રીઝર્સ વધુ કૂલિંગ, વધુ સ્ટોરેજ અને ઉચ્ચ ટેકનોલોજી ધરાવે છે.આધુનિક ટેકનોલોજીના કારણે ૪૭ ડિગ્રી તાપમાન માં પણ અસરકારક કાર્ય કરી શકે તેમ ડિઝાઈન કરવામાં આવ્યા છૅ.અન્ય કેટલાક ફીચર્સ માં સ્માર્ટ આઇ સાથે વિશાળ એલીગન્ટ કંટ્રોલ પેનલ, એલ ઇ ડી લાઈટ સાથે સ્કવેર ડિઝાઇન, ચારે બાજુ થી કૂલિંગ સુનિશ્ચિત કરે તેવી આધુનિક ટેક્નોલોજી સાથે ૧૬૦ થી ૨૭૦ વોટ નો વિશાળ ઓપરેટિંગ વોલ્ટેજ રેન્જ નો સમાવેશ થાય છે.કંપની ડેરી અને આઈસક્રીમ, ફ્રોઝન ફૂડ, હોટેલ અને રેસ્ટોરન્ટ, હોસ્પિટાલિટી અને સુપર માર્કેટ જેવા બહોળા ગ્રાહક સેગમેન્ટ ધરાવતી ઈન્ડસ્ટ્રીઝ માં સેવા પૂરી પાડવાની સ્થિતિ માં છે. આ ડીપ ફ્રીઝર્સ ૧૬૦૦૦ અને તેથી વધુની આકર્ષક કિંમત થી શરૂ થાય છે.

# મારી નજર સામે જ પિતાએ મા અને બહેનની હત્યા કરી : કમલ સદાના

મુંબઇ,

બેખુદી, બાલી ઉમર કો સલામ અને અંગારા જેવી ફિલ્મો માટે પ્રખ્યાત અભિનેતા કમલ સદાના માટે એક સમયે ચાહકોની કોઈ કમી નહોતી. છેલ્લી વખત આ એકેટર ૨૦૨૩માં ફિલ્મ પિપ્પાથી લાઈમલાઈટમાં આવ્યો હતો. અભિનેતાને પહેલી જ ફિલ્મથી જબરદસ્ત સ્ટારડમ મળ્યું હતું. પરંતુ તેણે પોતાની પર્સનલ લાઈફમા ઘણું દુઃખ સહન કર્યું છે. આ દરમિયાન તેના પરિવાર સાથે થયેલા અકસ્માતે તેનું જીવન બદલી નાખ્યું હતુ. અભિનેતાએ વર્ષો પછી ખુલાસો કર્યો છે કે, તેના પિતા બ્રિજ સદનાએ આત્મહત્યા કરતા પહેલા તેની બહેન નમ્રતા અને તેમની માતા





સઈદા ખાનની પણ હત્યા કરી હતી.

કમલે એક ઈન્ટરવ્યુમા પોતાની પર્સનલ લાઈફને લઈને ચોંકાવનારા ફુલાસા કર્યા છે. તેમણે કહ્યું કે, જયારે હું ૨૦ વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મારી માતા અને બહેનની ગોળી મારીને હત્યા કરી હતી અને પોતે પણ આત્મહત્યા કરી હતી.

અભિનેતાએ કહ્યું કે, "હું મારી માતા અને બહેનને લઈને તરત જ હોસ્પિટલ ગયો. તેમનુ લોહી વહી રહ્યુ હતુ. તે સમયે મને ખબર ન હતી કે, મને પણ ગોળી વાગી છે. ડૉક્ટરે કહ્યું, 'તમારા શર્ટ પર આટલું લોહી કેવી રીતે આવ્યું?'

મેં કહ્યું, 'ના, એ મારી મા અને બહેનનુ હશે.' ડૉક્ટરે કહ્યું, 'ના, તમને પણ ગોળી વાગી છે.' આ હોસ્પિટલમા જગ્યા નથી, તમારે બીજી હોસ્પિટલમાં જવું પડશે.' મેં કહ્યું, 'ના, તમે મારી મા અને બહેનને જીવતા રાખો.' મારે મારા પિતાની તપાસ કરવી પડી કે, તેઓ શું કરી રહ્યા છે."

# વોડાફોન આઈડિયા લિમિટેનો એફપીઓ આજથી ખૂલ્લો




વોડાફોન આઈડિયા લિમિટેડ નો ૧૮૦૦૦ કરોલ્નો એફપીઓ ગુરૂવાર ૧૮ એપ્રિલથી ખુલ્યો છે. પ્રત્યેક રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર માટે રૂ. ૧૦થી રૂ. ૧૧ના ભાવે પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે બિડ/ઓફર ગુરૂવાર ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને સોમવાર, ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે. બિડ લઘુતમ ૧૨૯૮ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૨૯૮ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

# ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ લડી રહ્યા છે લોકસભાની ચૂંટણી

## ભાજપે ૧૧ અને કોંગ્રેસે પાચને ટિકિટ આપી છે



નવીદિલ્હી,

સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ૧૮મી લોકસભા માટે દેશના સેંકડો નેતાઓ પોતાનું રાજકીય નસીબ અજમાવી રહ્યા છે. જેમાં પીએમ મોદી સહિત ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, શિવરાજ સિંહ ચૌહાણ, દિગ્વિજય સિંહ, ઓમર અબ્દુલ્લા, ગુલામ નબી આઝાદ, એચડી કુમારસ્વામી, ચરણજીત સિંહ ચન્ની, જીતન રામ માંઝી, ભૂપેશ બઘેલ, મનોહર લાલ ખટ્ટર અને બિપ્લબ કુમાર સહિત ઘણા પૂર્વ મુખ્યમંત્રીઓ મેદાનમાં છે.

**લોકસભાની ચૂંટણી લડનાર પૂર્વ મુખ્યમંત્રીઓની યાદી**

નરેન્દ્ર મોદી (ભાજપ) : મોદી ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી હતા. હાલમાં તેઓ યુપીની વારાણસી લોકસભા સીટ પરથી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.,રાજનાથ સિંહ (ભાજપ): રાજનાથ સિંહ ૨૦૦૦ થી ૨૦૦૨ સુધી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ યુપીના લખનૌથી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.,શિવરાજ સિંહ ચૌહાણ (ભાજપ): શિવરાજ સિંહ ચૌહાણ ૨૦૦૫ થી ૨૦૧૮ અને ફરીથી ૨૦૨૦ થી ૨૦૨૩ સુધી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ મધ્યપ્રદેશની વિદિશા સંસદીય બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,મનોહર લાલ ખટ્ટર (ભાજપ): ખટ્ટર ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી હરિયાણાના મુખ્યમંત્રી હતા. તેઓ હરિયાણાના કરનાલ સંસદીય ક્ષેત્રથી પહેલીવાર લોકસભા ચૂંટણી લડી રહ્યા છે.,અર્જુન મુંડા (ભાજપ): અર્જુન મુંડા ૨૦૦૩ થી ૨૦૦૬ અને ફરીથી ૨૦૧૦ થી ૨૦૧૩ સુધી ઝારખંડના મુખ્યમંત્રી હતા. તે ઝારખંડની ખુંટી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,જગદીશ શેટ્ટર (ભાજપ): શેટ્ટર ૨૦૧૨ થી ૨૦૧૩ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ કર્ણાટકની બેલગામ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,બસવરાજ બોમાઈ (ભાજપ): બોમાઈ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તે કર્ણાટકના હાવેરીમાં પોતાનું નસીબ અજમાવી રહ્યો છે.,ત્રિવેન્દ્ર સિંહ રાવત (ભાજપ): રાવત ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી ઉત્તરાખંડના મુખ્યમંત્રી હતા. ભાજપે તેમને ઉત્તરાખંડના હરિદ્વારથી ટિકિટ આપી છે.

આ ઉપરાંત એચડી કુમારસ્વામી (જેડીએસ): તેઓ ૨૦૦૬ થી ૨૦૦૭ અને ફરીથી ૨૦૧૮ થી ૨૦૧૯ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ માંડ્યા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. કર્ણાટકમાં ભાજપ-જેડીએસનું ગઠબંધન છે.,નલ્લારી કિરણ કુમાર રેડ્ડી (ભાજપ): રેડ્ડી ૨૦૧૦ થી ૨૦૧૪ સુધી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ આંધ્ર પ્રદેશના રાજમપેટથી ચૂંટણી લડી રહ્યા છે.,સર્બાનંદ સોનોવાલ (ભાજપ): સોનોવાલ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી આસામના મુખ્યમંત્રી હતા. તેઓ ડિબ્રુગઢથી ચૂંટણી લડી રહ્યા છે.,બિપ્લબ કુમાર દેબ (ભાજપ): દેબ ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી ત્રિપુરાના મુખ્યમંત્રી હતા. તેઓ ભાજપની ટિકિટ પર ત્રિપુરા પશ્ચિમ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.ઓ પનીરસેલ્વમ (ભાજપ સમર્થિત સ્વતંત્ર): ઓપીએસ ૨૦૦૧ થી ૨૦૦૨, ૨૦૧૪ થી ૨૦૧૫ અને ફરીથી ૨૦૧૬ થી ૨૦૧૭ દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી હતા. તેઓ તમિલનાડુના રામનાથપુરમથી ચૂંટણી લડી રહ્યા છે.,જીતન રામ માંઝી (હમ): તેઓ ૨૦૧૪ થી ૨૦૧૫ સુધી બિહારના મુખ્યમંત્રી હતા.

# ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રા દ્વારા જામનગર કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઇ

જામનગર : ચૂંટણી પંચ દ્વારા જામનગર ખાતે નીમવામાં આવેલ ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ કલેક્ટર કચેરી ખાતે બેઠકનું આયોજન કરી ખર્ચ મોનિટરિંગ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી સમીક્ષા કરી હતી.

બેઠકમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી જામનગર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિસ્તાર દીઠ હાથ ધરવામાં આવેલ ખર્ચ ઓબ્ઝર્વને લગતી કામગીરીની વિગતો રજૂ કરાઈ હતી. જેમાં લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભામાં કાર્યરત વી.એચ.સી., વી.વી.સી., વિડીયો સર્વેલન્સ, ફ્લાઈંગ સ્કવોડ, જિલ્લામાં કાર્યરત ચેકપોસ્ટ, મીડિયા મોનીટરીંગ, પોલીસ ટીમ વગેરેની માહિતી ખર્ચ મોનીટરીંગ સમિતિ દ્વારા આપવામાં આવી હતી.






આચારસંહિતાને લગતી કોઈપણ ફરિયાદનો નિકાલ લાવવા ઑબ્ઝર્વર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

લોકસભાની ચૂંટણી ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે જરૂરી છે. આપણે સૌ હાલ ચૂંટણી પંચનો ભાગ છીએ ત્યારે સૌએ જાગૃત રહી ચૂંટણીને લગતી ફરજો બજાવવા ઑબ્ઝર્વર દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ દ્વારા હાથ ધરાયેલ ચૂંટણીલક્ષી તૈયારીઓ અંગેની સમીક્ષા કરી વિવિધ ટીમના ઉપસ્થિત અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી મેળવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર બી.એન. ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઝીલ પટેલ. સ્ઝઝના નોડલ અધિકારી શારદા કાથડ તથા એક્સપેન્ડીચર મોનિટરીંગ સેલના નોડલ ઓફિસરઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળીયા પાલિકામાં રોજમદાર કર્મીઓની જંગી સંખ્યાથી 'મહેકમ ખર્ચ' વધતા ગંભીર પ્રશ્ન

## ૪૮ ટકા મહેકમ ખર્ચ ૬૦એ પહોંચતા પગાર પંચ રિવર્સની સંભાવના

ખંભાળીયા : રાજયની નગરપાલિકાઓના પગાર સ્વંભંડોળ તથા પાલિકાની તત્કાલીન ઓક્ટ્રોય આવક પરથી મંજુર થયેલી ઓક્ટ્રોય ગ્રાંટમાંથી ચૂકવાય છે. પણ વેરા વસુલાતમાં નબળી અને ઓછા કરવેરાવાળી તથા આવકના સાધનો ઉભા કરવામાં આળસ રાખતી નગરપાલિકાઓમાં પગારના પ્રશ્નો ઉભા થયા છે. ત્યારે ખંભાળીયા પાલિકામાં મહેકમ ખર્ચ વધતા ગંભીર આર્થિક કટોકટી થઈ છે.

નગર પાલિકાના નિયમ મુજબ ૪૮ ટકા મહેકમ ખર્ચ હોવા જોઈએ તેનાથી ઓછો હોય તો આદર્શ સ્થિતિ કહેવાય પણ જો તેનાથી ઉપર જાય તો એક તબક્કે એવો આવે કે કર્મચારીઓની પગાર પંચ રિવર્સ થાય એટલે કે હાલ સાતમું પગાર પંચ ચાલે છે તે પ્રમાણે પગાર મળે છે પણ જો ૪૮ ટકા ઉપર જાય તો છઠુ પગાર પંચ આવી જાય એટલે કે પગાર ઓછા થઈ જાય.દરેક કર્મીને ૫/૭ હજારનું નુકશાન થાય હવે ખંભાળીયા પાલિકાની સ્થિતિ જોઈએ તો અહીં સાતમું પગાર પંચ આપેલું છે પણ મહેકમ ખર્ચ જે ૪૮ ટકા હોવુ જોઈએ તે ૬૦ ટકા જેટલું થવા પામ્યું હોય ગંભીર આર્થિકકટોકટીની સ્થિતિ આવતા પગાર વિલંબ શરૂ થયા છે.

પાલિકાઓમાં કોઈ વિભાગમાં જરૂર પડે તો કાયમી કર્મચારી ઓછા હોય તો રોજમદાર ડેઈલી વેંજીસમા ભરતી થતી હોય છે. પણ ખંભાળીયા પાલિકામાં ૨૦૧૧થી ૨૦૧૯ સુધીમાં ઢગલો રોજમદારો ભરતા હોય ૬૫ જેટલા કાયમી કર્મચારીઓ વહીવટી તથા સફાઈ કર્મીઓની સામે ૧૭૫થી વધુ રોજમદારો ખંભાળીયા પાલિકામાં છે અને ડેઈલી વેંજીસનો દર વધતા વધારો દેવો ફરજીયાત થતા ખર્ચ વધુ થયો છે તે એટલે સુધી કે કાયમી કર્મચારીઓના પગાર કરતા રોજમદારોના પગાર ખર્ચ વધી ગયો છે.આને કારણે સ્થિતિ આર્થિક ખરાબ થઈ જતા કાર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ, ઈક્રીમેન્ટ, પગાર વધારા, એરિયર્સમાં પણ પ્રશ્નો ઉભા થયા છે.

અધૂરામાં પૂરું ખંભાળીયા પાલિકામાં રોજમદાર ૩૫ જેટલાથી કચરો ઉપાડવા માટે વ્યવસ્થા હતી તે કામ ડોર ટુ ડોટ એજન્સીને સોંપાતા વર્ષે દોઢ કરોડનો તેનો ખર્ચ છે. જેની સામે જે ૩૫ કર્મચારી આ વ્યવસ્થામાં હતા તેને છુટા નથી કરાયા જેથી તેમનો બોજો વધતા ડોર ટુ ડોર કચરાનોકોન્ટ્રાક્ટથી ૩૫/૪૦ કર્મચારીના પગારનો ખર્ચ વધતા 'મહેકમ ખર્ચ' વધી ગયો છે. અગાઉ પાલિકાની સારી સ્થિતિ હતી. જેથી અન્ય પાલિકામાં જ્યાં હજુ જુના પગાર પંચ પ્રમાણે પગારો થાય છે. તેમની સ્થિતિ ખરાબ હતી. પણ 'મહેકમ ખર્ચ' સતત વધતા પાલિકાના કર્મચારીઓની પણ કફોડી સ્થિતિ થાય તો નવાઈ નહિ.

# દ્વારકા જિલ્લામાં ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનના સિલ્વર તથા ગોલ્ડન નંબર માટે ઈ-ઓકસન પ્રક્રિયા હાથ ધરાશે

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટ્રાન્સપોર્ટ કેટેગરીની સીરીઝ જીજે -૩૭(વી), ટુ વ્હીલરની સીરીઝ જીજે-૩૭ (એન) તથા જીજે-૩૭ (એલ), ફોર વ્હીલરની સીરીઝ જીજે-૩૭(એમ), જીજે-૩૭(જે), તેમજ થ્રી વ્હીરલર રીક્ષાની સીરીઝ જીજે-૩૭(યુ)માં બાકી રહેલા સિલ્વર તથા ગોલ્ડન નંબર માટે ઈ-ઓકસન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે ઓનલાનઈન અરજીનો સમયગાળો તા. ૧૫/૦૪/૨૦૨૪ થી તા. ૧૮/૦૪/૨૦૨૪ સુધીનો રહેશે. તેમજ ઈ-ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો તા. ૧૮-૦૪-૨૦૨૪ થી ૨૦-૦૪-૨૦૨૪ સુધીનો રહેશે. આ અંગે ઈ-ઓકસનનું પરિણામ તારીખ ૨૦/૦૪/૨૦૨૪ના સાંજે ૦૪-૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાહન માલિકોએ સૌ પ્રથમ WWW.PARIVAHAN.GOV.IN વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવવાનો રહેશે અને ત્યાર બાદ આ વેબસાઈટ પર લોગ ઈન કરી વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. વાહન માલિકે ગોલ્ડન અને સિલ્વર અને અન્ય પસંદગીના નંબર પરથી કોઇ એક નંબર પસંદ કરીને ઓનલાઇન પેમેન્ટ પ્રક્રિયા કરીને ઓનલાઇન રસીદ મેળવી લેવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, વાહન માલિક પોતાની બિડ ઉપરોકત દર્શાવેલ સમયગાળા દરમ્યાન ૧૦૦૦ના ગુણાંકમાં વધારી શકશે. પસંદગીના લાગેલ નંબરવાળા અરજદારોએ બીડ અમાઉન્ટના નાણાંનું ચુકવણું દિવસ પાંચમા ઓનલાઇન કરવાનું રહેશે. જેમાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. આ ઈ ઑક્સનના અંતે અસફળ થયેલ અરજદારોને હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેક્રિંગ, ક્રેડિટ/ ડેબિટ કાર્ડથી ચુકવણું કર્યું હોય તે જ મોડથી નાણા અરજદારના તે જ ખાતામાં એસ.બી.આઇ. - ઈ પે દ્વારા પરત કરવામાં આવશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લામાં ચુંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને કાર્યપાલક મેજિસ્ટ્રેટની સત્તાઓ સોંપાઇ

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ના અનુસંધાને ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જિલ્લાના તમામ ૫ વિધાનસભા મતદાર વિભાગો માટે કે જેમને મુખ્ય નિર્વાચન અધિકારી તરફથી, આ કચેરી તરફથી, નોડલ અધિકારી તરફથી, ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી તરફથી ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલી છે. તે પૈકી જે અધિકારીઓ અને કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ અને કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારના ગૃહ વિભાગના જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરિતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અને આ અધિનિયમની કલમ ૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ ઉપરાંત હાલમાં ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ રાખી શકાય અને નિયંત્રણ જળવાય રહે તે હેતુથી ફ્લાઈંગ સ્ક્વોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમોની રચના કરવામાં આવી છે. જેમાં મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે. જેઓને કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો ભોગવવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. તેમજ આ ટીમના સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. આ ટીમોને તેમની કામગીરી એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની ઉપસ્થિતિમાં કરવાની રહે છે. પરંતુ હોદ્દાની રૂએ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના અધિકારો ધરાવતા નાયબ મામલતદારના સંવર્ગના કર્મચારીઓની અન્ય ફરજો અને મર્યાદિત સંખ્યાને ધ્યાનમાં રાખતા આ ટીમો માટે અન્ય ખાતાના કર્મચારીઓ કે જેઓ હોદ્દાની રૂએ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના અધિકારો ધરાવતા નથી તેઓની નિયુક્તિ કરવામાં આવી છે.

જેમાં ફ્લાઈંગ સ્કવોડના કર્મચારીઓ અને અધિકારીઓ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમના કર્મચારીઓ અને અધિકારીઓને તેઓ જે વિધાનસભા મતદાર વિભાગમાં નિયુકત થયેલા હોય તે વિસ્તારના કાર્યક્ષેત્રમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ની આચારસંહિતા અમલમાં આવ્યાની તારીખ ૧૬-૦૩-૨૦૨૪ના સાંજના કલાક ૧૭:૦૦ થી આગામી તારીખ ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો ભોગવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ બી. કે. પંડ્યા, જામનગર દ્વારા અધિકૃત કરવામાં આવે છે.

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે નિર્ધારિત કરવામાં આવેલા ફ્લાઈંગ સ્ક્વોડમાં નિયુક્ત થયેલા સભ્યોની યાદી આ મુજબ છે. જેમાં ૭૬-કાલાવડ વિસ્તાર માટે વી.જે.રોજીયા, એમ.પી.ઝવેરી અને એસ.જે.કેરાળીયા રહેશે. ૭૭-જામનગર ગ્રામ્ય વિસ્તાર માટે રાઠોડ સોહમ એન., સોલંકી, ભાવેશ આર. અને ગાંગાણી પાર્થ કે. રહેશે. ૭૮-જામનગર ઉત્તર વિસ્તાર માટે ડો.એસ.કે.પરમાર, સુનિલ મહેશચંદ્ર શાહ અને અજયકુમાર કે.સિંઘ રહેશે. ૭૯-જામનગર દક્ષિણ વિસ્તાર માટે જે.પી.આયરા, વી.પી.ગજેરા અને જે.એચ.ચાવડા રહેશે. ૮૦-જામજોધપુર વિસ્તાર માટે એન.પી.વિસાણી, હમીર શાખરા અને ચૌહાણ સુરેશ કે. ફરજમાં રહેશે.

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે નિર્ધારિત કરવામાં આવેલા સ્ટેટિક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત થયેલા સભ્યોની યાદી આ મુજબ છે. જેમાં ૭૬-કાલાવડ વિસ્તાર માટે એચ.પી.તૈરૈયા, એસ.બી.બાવીશી અને એલ.વી.મકવાણા રહેશે. ૭૭-જામનગર ગ્રામ્ય વિસ્તાર માટે સંજય જે. જાની, ડો.દીપેશકુમાર ડી.આસોંદરિયા અને ડો.સંજય એમ.ચોવટીયા રહેશે. ૭૮- જામનગર ઉત્તર વિસ્તાર માટે ગેલોત દિલીપ, જોશી સૈરભ અને રાયઠ્ઠા સમીર રમેશ રહેશે. ૭૯-જામનગર દક્ષિણ વિસ્તાર માટે એસ.પી.પરમાર, એ.એ.ચાવડા અને વી.આર.કણસાગરા રહેશે. ૮૦-જામજોધપુર વિસ્તાર માટે એ.આર.ગુપ્તા, એ.ટી.પરમાર અને વાળા ઋતુરાજસિંહ એમ. ફરજમાં રહેશે. ઉપર્યુક્ત મુજબના કર્મચારીઓ અને અધિકારીઓએ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણીલક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે. આ અધિકારોનો ગેરઉપયોગ ના થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. તેમ જિલ્લા મેજિસ્ટ્રેટ બી. કે. પંડ્યા, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભાટિયામાં ચોથા આદર્શ લગ્નનું આયોજન

ભાટિયા : ભાટિયામાં તા. ૨૧–૦૪–૨૦૨૪ના રોજ સંત શ્રી જલારામ બાપા આદર્શ લગ્નવિધિ સમિતિ દ્વારા માત્ર ૧ રૂપિયાના ટોકન ચાર્જથી આદર્શ લગ્ન કરાવી આપવામા આવે છે. આ સંસ્થા દ્વારા ભાટિયા લોહાણા મહાજન વાડી ખાતે આ ચોથા આદર્શ લગ્ન તા. ૨૧–૦૪–૨૦૨૪ના રોજ કરાવવામાં આવશે.



આ લગ્નના ખર્ચના આર્થિક સૌજન્ય ભાટિયા વિસ્તારના લોહાણા સમાજના વડીલ અગ્રણી દાતા સ્વ. વનરાવનભાઈ વેરશીભાઈ દત્તાણી (હસ્તે દિલીપભાઈ તથા નિલેશભાઈ) દ્વારા સહયોગ આપવામાં આવેલ છે.

આ લગ્નમાં દીકરીને સંસ્થા દ્વારકા નકકી કરેલ કરિયાવર પણ આપવામાં આવશે. તેમજ દીકરા–દીકરી બન્ને પક્ષના લગનમાં આવેલ લોકો માટે ચા, પાણી, નાસ્તો તથા બપોરે ભોજ સહિતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

સંત શ્રી જલારામ આદર્શ લગ્ન વિધિમાં જે કોઈ રઘુવંશી દીકરા-દીકરીઓને આદર્શ લગ્નવિધિથી લગ્નગ્રંથિથી જોડાવું હોય તે સમિતિના કિશોરભાઈ દત્તાણી (મોબાઈલ નંબર ૯૪૨૭૪ ૨૦૧૧૧) નો સંપર્ક સાધી પોતાનું નામ નોંધાવી દેવા યાદીમાં જણાવાયું છે.

# કલ્યાણપુર તાલુકાના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે અને મહત્તમ સંખ્યામાં મતદાન કરવા પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી મતદાર જાગૃતિ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જી. ટી. પંડ્યા દ્વારા કલ્યાણપુર તાલુકામાં આવેલા મતદાન મથકો મુલાકાત લઈ જરૂરી સમીક્ષા કરી હતી.

ઉપરાંત મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તે માટે બી.એલ.ઓ તેમજ સુપરવાઈઝરોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે નોડલ ઓફિસર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મોરકંડાના પૂર્વ સરપંચ સહિત સતવારા સમાજના ૨૦૦ લોકોનો ભાજપ પ્રવેશ



જામનગર : મોરકડા ગામના પૂર્વ સરપંચ, અને ૪૦ વર્ષ સરપંચ તરીકે સેવા બજાવનાર ભનાબાપા ચૌહાણ, પ્રવિણભાઇ કટેસિયા, પૂર્વ મહામંત્રી જામનગર, જયસુખભાઇ નકુમ (કારોબારી સતવારા સમાજ), અરજણભાઇ નકુમ (તાલુકા પંચાયત સભ્ય) કોંગ્રેસ, સહિત ૧૫ ગામના ૨૦૦ થી વધુ સતવારા સમાજના અગ્રણીઓએ કેસરિયો ધારણ કર્યો. આ તબક્કે સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પ્રમુખ રમેશભાઇ મુંગરા, મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, ડો વિનોદ ભેંડેરી, સુરેશભાઈ વશરા, દિલીપસિંહ ચુડાસમાએ નવા જોડાયેલ તમામને આવકાર્યા હતા.

# જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની કરાઈ ઉજવણી

જામનગરમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની ૧૩૩મી જન્મ જયંતી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. લાલ બંગલા સર્કલ ખાતે આવેલા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને વિશ્વ હિન્દુ પરિષદના વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, જામનગર ગ્રામ્યના અધ્યક્ષ રમેશભાઈ તારપરા, જિલ્લા મંત્રી હેમતસિંહ જાડેજા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેનભાઈ રાજાણી, ઝાલા ભાઈ, બજરંગદળ સહસંયોજક ધ્રુમિલભાઈ લંબાટે, હિમાંશુભાઈ ગોસ્વામી, પ્રખંડ સંયોજક નિલેશભાઈ નકુમ, મહિલા વિભાગમાંથી જામનગર મહાનગરના ઉપાધ્યક્ષ પ્રફુલ્લાબેન અગ્રાવત, માતૃશક્તિ પ્રાંત સહસયોજિકા હીનાબેન અગ્રાવત, દુર્ગાવાહીની પ્રાંત ટોલી માંથી કૃપાબેન લાલ, માતૃશક્તિ જામનગર સહસંયોજિકા ટીકુબેન અજા, ભાવનાબેન ગઢવી, દુર્ગાવાહિની માંથી જાનવીબેન સહિતના અગ્રણીઓ દ્વારા પુષ્પાહાર અર્પણ કર્યા હતા



તસવીર: સુનિલ ચુડાસમા

# કાલાવડમાં સમસ્ત મહાજન ગુજરાત આયોજિત ગાજરિયા ટ્રોફિ અને ચેસ ટૂર્નામેન્ટ સંપન્ન

જામનગર : ભાટિયા જ્ઞાતિ બંધુઓમાં ભાતૃત્વ ભાવ વધે તેવા શુભ હેતુથી સમસ્ત ભાટિયા મહાજન ગુજરાત દ્વારા અલગ-અલગ ગામોમાં યુવાનો માટે ક્રિકેટ, બહેનો માટે રાસગરબા, સ્નેહ મિલન, સમૂહ લગ્ન જેવા અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.



સમસ્ત ભાટિયા મહાજન ગુજરાતના યુવા પ્રમુખ સંજયભાઈ આશરના નેતૃત્વમાં કાલાવડ ભાટિયા મહાજનના સહયોગથી ગત તા. ૬ અને ૭ એપ્રીલના રોજ કાલાવડ ખાતે ગં.સ્વ. મંજુલાબેન નરોતમદાસ ગાજરિયા ટ્રોફીનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ, ટંકારા, ભુજ, કાલાવડ, ગોંડલ, અંજાર, જામનગર, અમદાવાદ, કંડોરણા, અમરેલીની ટીમોએ ભાગ લીધેલ. અત્યંત રસાકસી ભર્યા મેચો અને સીકસરની વરસાદ દ્વારા ખેલાડીઓએ ઉપસ્થિત જ્ઞાતિબંધુઓના મન મોહી લીધેલ. ફાઈનલ મેચ અંજાર અને ગોંડલની ટીમ વચ્ચે રમાયેલ જેમાં અંજાર ની ટીમ વિજેતા થયેલ. ચેમ્પીયન તથા રનર્સઅપ ટીમને દાતા, બોલીવુડના કલાકારો તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોના હસ્તે ઈનામો અપાયેલ. આ ઉપરાંત પ્રતિવર્ષ યોજાતી ગો.મુ. પાનવાલા રનીંગ શીલ્ડ ચેસ ટુર્નામેન્ટનું આયોજન પણ તારીખ ૭ ના રોજ કરવામાં આવેલ, જેનું સમગ્ર સંચાલન જયસિંહભાઈ નેગાંધીએ કરેલ. આ બન્ને કાર્યક્રમોની વિશેષતા એ રહી કે બોલીવુડમાં ગદર, ગદર-૨, વેલકમ બેક, રાઉડી રાઠોડ સહિત ૩૦૦ જેટલી ફીલ્મોમાં અભિનયના ઓજસ પાથરનાર પ્રખ્યાત બોલીવુડ કલાકાર મુસ્તાકખાન ખાસ ઉપસ્થિત રહી, ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ. તેઓની સાથે ભાટિયા જ્ઞાતિના ફિલ્મ – ટી.વી. એકટર જેઓએ ૪૦ થી વધુ હિન્દી ફીલ્મો, ૪૦ જેટલી બેવસીરીઝ, અનેક જાહેરાતોમાં કામ કરેલ છે તેવા શ્રી મુકેશ કપાણી તેમજ ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જ ફેમ જામનગરના ઈન્ટરનેશનલ કલાકાર ધારશી બરડીયાએ પોતાના વિશિષ્ટ અંદાજમાં ચાલુ મેચે સૌનું મનોરંજન કરેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મનીષભાઈ નેગાંધી, અશોકભાઈ ગાંધી, કેતનભાઈ આશર, ચત્રભૂજભાઈ, મિતેનભાઈ આશર, મનહરભાઈ આશર, રમેશભાઈ વેદ સહિત કાલાવડ ભાટિયા મહાજનના હોદેદારોએ જહેમત ઉઠાવેલ. બે દિવસીય ટુર્નામેન્ટના ભવ્ય આયોજનમાં સહભાગી થનાર સર્વે મહાજનના અગ્રણીઓ, હોદેદારો, દાતાશ્રીઓ, જ્ઞાતિબંધુઓ તથા ખેલાડીઓનો 'શ્રી સમસ્ત ગુજરાત ભાટિયા મહાજન વતી પ્રમુખ સંજયભાઈ આશર તથા સેક્રેટરી અમીતભાઈ ગાંધીએ આભાર વ્યકત કરેલ હોવાનું અખબારી યાદીમાં જણાવેલ છે.


# સરમત ગામે હઝરત સૈયદ નાગાણી મુસ્તુફા બાપુના ઉર્ષની કરાઈ ઉજવણી



જામનગર : જામનગર સિક્કા સરમત ગામ ખાતે આવેલ સુફી સંત હજરત સૈયદ નાગાણી મુસ્તુફા ડાડા નો ઉર્સ દર વર્ષની રમઝાન ઈદના ત્રીજા દિવસે ઉજવવામાં આવે છે આ વર્ષે પણ તા.૧૩/૦૪/૨૦૨૪ ને શનિવારના રોજ રાત્રે કવાલીનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જ્યારે આગલી રાત્રે એટલે કે શુક્રવારની રાત્રે મજલીસનો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ હતો અને શનિવારે સાંજે આમ નીઆજ પ્રસાદી પેટે લોકોને ખવડાવવામાં આવી હતી. જેના અનુસંધાને સિક્કા તેમજ આજુબાજુના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને દરગાહના ગ્રાઉન્ડમાં એક મોટો મેળો યોજાયો હતો ઉપરોક્ત દરગાહનું તમામ આયોજન સિક્કા સરમત સુન્ની મુસ્લિમ જમાત ના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું તેમ એક અખબાર યાદીમાં દરગાના ખાદીમ જનાબ ઈબ્રાહીમ બાપુ ભોલીમ એ જણાવ્યું હતું.

# જામજોધપુર ખાતે વિશ્વ હિન્દુ પરિષદની જામ જોધપુર પ્રખંડ (તાલુકા) બેઠક યોજાઈ

જામજોધપુર : વિશ્વ હિન્દુ પરિષ્દ ની જામ જોધપુર પ્રખંડ (તાલુકા)ની બેઠક સ્વામી નારાયણ પ્રાથમિક શાળા ખાતે આહિર અગ્રણી યુવા ઉદ્યોગપતિ હરેશ ભાઈ બારીયાના અધ્યક્ષ સ્થાને તથા આર.એસ.એસ. પોરબંદર જિલ્લા સહકાર્યવાહક રાહુલ ભાઈ જોષી વિશ્વ હિન્દુ પરિષદ સહ મંત્રી સોરાષ્ટ પ્રાંત દેવજી ભાઈ



મિયાત્રા સોરાષ્ટ પ્રાંત ધર્માચાર્ય સર્પક પ્રમુખ પ્રવીણસિહ કંચવા જામનગર વિભાગ મંત્રી દિપક જાની દવારકા જીલ્લા ઉપાધ્યક્ષ કિશોર સિંહ શક્તિ સિંહ જાડેજા (ગોરખડી ) તાલુકા ભાજપ પ્રમુખ જયેશ ભાલોડીયા તાલુકા ખરીદ વેચાણ સંઘ ના પ્રમુખ કિશોર સિંહ જાડેજા દ્વારકા જીલ્લા માતૃ શક્તિ જીલ્લા સંયોજીકા પ્રતિમા બહેન જાની મહીલા સુરક્ષા સમિતી સદસ્ય હેપીબેન ભાલોડીયાની ઉપસ્થિતીમાં યોજાઈ હતી જેમા વિશ્વ હિન્દુ પરિષદનું સંગઠન વ્યાપક બનાવવા માર્ગદર્શન આપેલ તેમજ અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં ભાગ લેનાર કાર્યકર્તા નું અભિવાદન કરેલ આ બેઠક માં જામ જોધપુર શહેર તથા તાલુકાભરમા થી મોટી સંખ્યા મા ભાઈ બહેનો ઉપસ્થીત રહેલ હતા

# મને વિશ્વાસ છે કે તમે બધા સંસદમાં પહોંચશો; દરેક વોટ મજબૂત સરકાર બનાવશે : PM મોદીનો ઉમેદવારોને પત્ર

રામનવમીના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે લોકસભા ચૂંટણી લડી રહેલા ભાજપ અને એનડીએના તમામ ઉમેદવારોને વ્યક્તિગત પત્ર લખ્યો હતો. આ પત્રમાં પીએમ મોદીએ તમામ ઉમેદવારોને જીતની ખાતરી આપી છે. સ્એ લખ્યું- તમે બધા જનતાના આશીર્વાદ સાથે સંસદમાં પહોંચશો. આપણને મળેલો દરેક મત મજબૂત સરકાર તરફ એક પગલું હશે.

પીએમે આગળ લખ્યું- એક ટીમ તરીકે આપણે મતવિસ્તાર અને વિસ્તારના લોકોના કલ્યાણ માટે કોઈ કસર છોડીશું નહી. આ પત્ર કોઈ મતવિસ્તારમાં દરેકને પીએમનો સંદેશ પહોંચાડવાના ભાજપના પ્રયાસનો એક ભાગ છે. કોઈમ્બતુર લોકસભા સીટના બીજેપી ઉમેદવાર કુપ્પુસ્વામી અન્નામલાઈને મોકલેલા પત્રમાં પીએમએ લખ્યું છે - રામ નવમીના શુભ અવસર પર તમને પત્ર લખતા આનંદ થઈ રહ્યો છે. સારી સરકારી નોકરી છોડીને લોકોની સેવા કરવા માટે પ્રતિબદ્ધ થવાના તમારા નિર્ણય બદલ હું તમને અભિનંદન આપું છું.

**ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન થશે**



તમે તમિલનાડુમાં ભાજપની ગ્રાસરુટ હાજરીને મજબૂત કરી રહ્યાં છો. તમે કાયદાના અમલીકરણ, શાસન અને યુવા સશક્તીકરણ સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓને પ્રકાશિત કરવામાં ખરેખર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જનતાના આશીર્વાદથી મને વિશ્વાસ છે કે તમે સંસદમાં પહોંચશો. તમારા જેવા ટીમના સભ્યો મારા માટે એક મહાન સંપત્તિ છે.

અનિલ બલુનીને પણ આવો જ પત્ર મળ્યો હતો. જેમાં પીએમ લખે છે કે, આ ચૂંટણી આપણા વર્તમાનને ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડવાની તક છે. ભાજપને મળેલો દરેક મત એક સ્થિર સરકાર બનાવવા તરફ જશે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાની અમારી સફરને વેગ આપશે. આ નિર્ણાયક સમયે, હું તમને અને અન્ય તમામ કાર્યકરોને પણ વિનંતી કરું છું કે ચૂંટણી પ્રચારના છેલ્લા કેટલાક કલાકોનો સંપૂર્ણ ઉપયોગ કરો.

# ચિપ મેન્યુફેક્ચરિંગ માટે અબજો ડોલરની સબસિડી આપવી અયોગ્ય : રઘુરામ રાજન

નવીદિલ્હી,

ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને ચિપ ઉત્પાદન પર ભારતના અબજો ડોલરના ખર્ચની ટીકા કરી છે. રાજને કહ્યું છે કે આ ચિપ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીઓને સબસિડી આપવા માટે અબજો ખર્ચ કરવા પડશે જ્યારે બીજી તરફ ઘણા રોજગાર પેદા કરતા ક્ષેત્રો સારી રીતે કામ કરી રહ્યાં નથી અને કોઈ તેમના પર ધ્યાન નથી આપી રહ્યું. રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહ્યું હતું કે ભારત



લોકશાહીનો લાભ ઉઠાવવા સક્ષમ નથી. જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટીમાં આયોજિત 'મેકિંગ ઈન્ડિયા એન એડવાન્સ્ડ ઈકોનોમી બાય ૨૦૪૭: વોટ ઈટ ટેક્સ' કોન્ફરન્સમાં બોલતા રાજને કહ્યું, "મને લાગે છે કે લોકશાહીથી લાભ મેળવવાનો સમય આવી ગયો છે, પરંતુ સમસ્યા એ છે કે આપણે તેનો ફાયદો ઉઠાવી રહ્યા નથી.

# ભોપાલમાં નામાંકન વખતે ઉમેદવાર ૨૪ હજાર રોકડા લઈને પહોંચ્યો

ભોપાલ,

ભોપાલમાં, માનવ સમાધાન પાર્ટીના ઉમેદવાર સંજય કુમાર ભોપાલ લોકસભા સીટ માટે નોમિનેશન ફાઈલ કરવા માટે સિક્યોરિટી ડિપોઝિટ તરીકે રૂ. ૨૪,૦૦૦ ની કિંમતની બોરી લાવ્યા હતા. આ રોકડની ગણતરી કરતી વખતે કર્મચારીઓને પરસેવો વળી ગયો હતો. નોંધનીય છે કે નોમિનેશન દરમિયાન ઉમેદવારે ૨૫ હજાર રૂપિયાની સિક્યોરિટી ડિપોઝીટ જમા કરાવવાની હોય છે.આવી સ્થિતિમાં આ વ્યક્તિ ૨૪,૦૦૦ રૂપિયા રોકડા અને ૧૦૦૦ રૂપિયાની નોટ સાથે નોમિનેશન ફાઈલ કરવા આવ્યો હતો. સંજય કુમાર જ્યારે રિટર્નિંગ ઓફિસરની ઓફિસે પહોંચ્યા ત્યારે તેમની બોરીમાં એક, બે, પાંચ અને દસ રૂપિયાના સિક્કા હતા. આ પછી કર્મચારીઓએ ચિલરની ગણતરી શરૂ કરી, જેમાં તેમને અડધા કલાકથી વધુ સમય લાગ્યો. આ પહેલા શુક્રવારે પણ એસયુસીઆઈના ઉમેદવાર ચંદન ભટનાગર પણ ૬,૦૦૦ રૂપિયા સિક્યોરિટી ડિપોઝીટ લઈને પહોંચ્યા હતા. હાલમાં, ભોપાલ લોકસભા બેઠક માટે ઉમેદવારી પત્રો એકત્રિત કરવાની અને સબમિટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ઉમેદવારો પાસે ૧૯ એપ્રિલે બપોરે ૩ વાગ્યા સુધી નોમિનેશન ફાઈલ કરવાનો સમય છે.

# સાઉદી અરેબિયાને આગામી વર્ષમાં ૬૦ હજારથી વધુ બાંધકામ શ્રમિકોની જરૂર

રિયાધ ,

સાઉદી અરેબિયાના ઉત્તર-પશ્ચિમમાં આકાર લઈ રહેલ નવી યોજનાઓને આધુનિક આકાર આપવા માટે વિશ્વની ૧૦૦ થી વધુ અગ્રણી બાંધકામ કંપનીઓના તજજ્ઞો રિયાધ ખાતે ચર્ચા કરશે. NEOM દ્વારા આયોજિત આ ચર્ચામાં જમીન પર બાંધકામની પ્રગતિ દર્શાવવામાં આવી અને ભવિષ્ય માટે જરૂરી વિકાસને પ્રક્રિયાઓની જરૂરિયાત અંગે આયોજન કરવામાં આવ્યા હતા. સાઉદી અરેબિયામાં નવા પ્રોજેક્ટ જે રીતે અમલમાં આવી રહ્યા છે તે માટે ઉચ્ચ-સ્તરની બાંધકામ વિજ્ઞાન અને ઈજનેરની માંગમાં મહત્વપૂર્ણ વધારો આવી રહ્યો છે.

નવી યોજનાઓમાં દુનિયાના એક નવા આકર્ષણ સ્વરૂપે ૧૭૦ કિમી લાંબા શહેર " ધ લાઈન "નો સમાવેશ થાય છે જેનો હાલમાં તબક્કાવાર વિકાસ ચાલુ છે. યોજના મુજબ ૨૦૩૦ માં પ્રથમ તબક્કાનું બાંધકામ પૂરું થતા તે રહેવાસીઓ અને પ્રવાસીઓ માટે નવી સુવિધાઓ લઈને આવશે.

પરંપરાગત બાંધકામ પદ્ધતિઓ આ પ્રકારની આવનારી યોજનાઓને સમય મર્યાદામાં પૂર્ણ કરી શકશે નહિ તેના કારણે દુનિયાની ૧૦૦ બાંધકામ કંપનીઓને રિયાધમાં આમન્ત્રિત કરવામાં આવી છે જેથી સાઉદી અરેબિયાના THE LINE, સ્પાઈન, Oxagon, Trojena અને NEOM ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બાંધકામની પ્રગતિ નોંધપાત્ર બની રહે.

NEOM ના CEO, નધમી અલ-નાસર દ્વારા સંબોધન સાથે આ ૧૦૦ કંપનીઓને આવકારવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે: "જેમ જેમ આપણે વિકાસના અમારા અત્યાર સુધીના સૌથી વ્યસ્ત તબક્કામાં જઈ રહ્યા છીએ, તેમ તેમ સમગ્ર NEOMમાં તકોનું પ્રમાણ ખૂબ જ નોંધપાત્ર છે. આ ક્ષેત્રના તમામ ભાગોમાં પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યા છે, અમે NEOM ના વિઝનને હાંસલ કરવા માટે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત કોન્ટ્રાક્ટરો સાથે સહયોગ કરવા માટે પ્રતિબદ્ધ છીએ".

# ચૂંટણી પ્રચાર માટે આમ આદમી પાર્ટીની 'આપ કા રામરાજ્ય' વેબસાઈટ લોન્ચ

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી માટે 'આપકા રામરાજ્ય' વેબસાઈટ લોન્ચ કરી છે. આપ સાંસદો સંજય સિંહ આતિશી, સૌરભ ભારદ્વાજ અને જસ્મીન શાહે પ્રેસ કોન્ફરન્સમાં વેબસાઈટ લોન્ચ કરી હતી.

દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે 'આપકા રામરાજ્ય' વેબસાઈટ કેજરીવાલ સરકારના કામકાજની માહિતી આપવા માટે લોન્ચ કરવામાં આવી હતી. અમે દિલ્હી અને પંજાબમાં રામરાજ્યની કલ્પનાને અમલમાં મૂકી રહ્યા છીએ. આ વેબસાઈટ દ્વારા અમે આમ આદમી પાર્ટીના જનહિતના કાર્યોને દેશ અને દુનિયા સુધી લઈ જવા માંગીએ છીએ.તે જ સમયે, આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે સીએમ અરવિંદ કેજરીવાલના રામરાજ્યના ખ્યાલમાં કોઈ ભેદભાવ નથી, કોઈ મોટું કે નાનું નથી અને વિચાર બધાના હિતમાં કામ કરવાનો છે. આને ધ્યાનમાં રાખીને, આપની લોકસભા પ્રચાર વેબસાઈટ 'આપકા રામરાજ્ય' રામ નવમીના અવસર પર લૉન્ચ કરવામાં આવી છે. સંજય સિંહે કહ્યું, 'કોઈએ કલ્પના પણ નહોતી કરી કે વીજળી મફત આપી શકાય છે.

# પ્રેમમાં નિષ્ફળતા બાદ યુવક આપઘાત કરે છે તો તેના માટે મહિલાને દોષિત ઠેરવી શકાય નહીં : હાઈકોર્ટ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે પ્રેમ સંબંધોને લઈને મહત્વની ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું છે કે જો પ્રેમમાં નિષ્ફળતા બાદ યુવક આપઘાત કરે છે તો તેના માટે મહિલાને દોષિત ઠેરવી શકાય નહીં. મૃતકે એક સુસાઈડ નોટ પણ મૂકી હતી, જેમાં મહિલાની સાથે અન્ય વ્યક્તિને પણ જવાબદાર ઠેરવવામાં આવી હતી.

લાઈવ લોના રિપોર્ટ અનુસાર હાઈકોર્ટમાં સુનાવણી કરી રહેલા જસ્ટિસ અમિત મહાજને કહ્યું કે જો કોઈ નબળી માનસિકતા ધરાવનાર વ્યક્તિ આવું પગલું ભરે છે તો તેના માટે અન્ય કોઈ વ્યક્તિને દોષી ઠેરવી શકાય નહીં. કોર્ટે કહ્યું, 'જો પ્રેમમાં નિષ્ફળતાના કારણે પ્રેમી આત્મહત્યા કરે, પરીક્ષામાં નબળા પ્રદર્શનને કારણે વિદ્યાર્થી આત્મહત્યા કરે, કેસ ડિસમિસ થયા પછી જો કોઈ ક્લાયન્ટ આત્મહત્યા



કરે તો મહિલા, સુપરવાઈઝર, વકીલને ઉશ્કેરવા માટે આત્મહત્યા માટે જવાબદાર ગણી શકાય નહીં.

તેમણે કહ્યું, 'નબળી માનસિકતા ધરાવતી વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને અન્ય વ્યક્તિને આત્મહત્યા માટે ઉશ્કેરવા માટે જવાબદાર ન ગણી શકાય.' કોર્ટે મહિલા અને અન્ય એક પુરુષને આત્મહત્યા માટે ઉશ્કેરવાના કેસમાં આગોતરા જામીન મંજૂર કર્યા છે.

# બ્રિટનમાં ડ્રાઈવરની હત્યાના કેસમાં ભારતીય મૂળનાં ૪ને આજીવન કેદ

લંડન,

બ્રિટનમાં ડિલિવરી ડ્રાઈવરની હત્યાનાં મામલે કોર્ટે ભારતીય મૂળનાં ૪ લોકોને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે સુનાવણી દરમિયાન હત્યામાં સામેલ લોકોને જેલભેગા કરવાનો આદેશ આપી દીધો છે. ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં વેસ્ટ મર્સિયા પોલીસને વેસ્ટ ઈંગ્લેન્ડનાં શ્રુસ્બરીમાં એક હુમલાની સૂચના મળી હતી. આમાં ઓરમેન નામનાં એક ચાલકનું મૃત્યુ થઈ ગયું હતું. જે અંગે ૪ લોકો સામે કડક પગલા ભરાઈ તેમની ધરપકડ કરાઈ હતી.


સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે ૪ દોષિતોએ કુલ્હાડી, હોકી સ્ટિક અને પાવડા વડે ડિલિવરી ડ્રાઈવરને મોતને ઘાટ ઉતારી દીધો હતો. તેવામાં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ચારેય લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ તમામને ઓછામાં ઓછી ૨૮ વર્ષ સુધીની જેલની સજા મળી છે. આના સિવાય ઓરમેનની જાણકારી કાઢનાર અન્ય એક આરોપીને હત્યામાં સામેલ થવાનો દોષિત ઠેરવાયો છે. જેને ૧૦ વર્ષની સજા ફટકારાઈ છે. વેસ્ટ મર્સિયા પોલીસના ડિટેક્ટિવ ચીફ ઈન્સપેક્ટર માર્ક બેલામીએ કહ્યું કે પાંચ દોષિત ખતરનાક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.

# વિપક્ષ બંધારણ બદલવાની વાત કરીને ગેરમાર્ગે દોરે છે, તેણે પોતે ૮૦ વખત બદલ્યું છે- નીતિન ગડકરી

નવીદિલ્હી,

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી રાજકારણ કરતાં દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની વાત કરવાનું વધુ પસંદ કરે છે, પરંતુ તેઓ રાજકીય પ્રશ્નોના તીક્ષ્ણ જવાબો પણ આપે છે. બંધારણ બદલવાના ભાજપ પરના આક્ષેપો પર કહેવાય છે કે વિપક્ષ લોકોને ગેરમાર્ગે દોરે છે.તેણે પોતે જ ૮૦ વખત ફેરફાર કરીને બંધારણ તોડવાનું પાપ કર્યું છે.

એકદમ શક્ય. પવનને જોતા એવું લાગે છે કે ભાજપ ૩૭૦ બેઠકો જીતશે અને એનડીએના ઘટક પક્ષો



૩૦થી વધુ બેઠકો જીતશે. કર્ણાટકમાં અમે ચોક્કસપણે જીતીશું. એનડીએને દક્ષિણ ભારતમાં પણ સફળતા મળશે. અમને ખૂબ જ સારો આદેશ મળશે. નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનશે. વિપક્ષ લઘુમતીઓ અને દલિતોને ગેરમાર્ગે દોરવા ખોટો પ્રચાર કરી રહ્યો છે. પરંતુ, તેઓ આમાં સફળ થશે નહીં. કેશવાનંદ ભારતી કેસમાં સુપ્રીમ કોર્ટના ૭ ન્યાયાધીશોએ ચુકાદો આપ્યો છે કે બંધારણના મૂળ માળખાને બદલી શકાય નહીં. બંધારણ બદલવાની વાત કરતી કોંગ્રેસ જ છે જેણે ૮૦ વખત ફેરફાર કરીને બંધારણ તોડવાનું પાપ કર્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરફાર વિકાસને વેગ આપશે. અમે આ દિશામાં કામ કરી રહ્યા છીએ અને વધુ લક્ષ્યો નક્કી કરી રહ્યા છીએ.

# ભાજપ ૨૦૦નો આંકડો પાર કરી શકશે નહીં : મમતા બેનર્જી

કોલકતા,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ફરી એકવાર મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. એક ટીવી ચેનલને આપેલા વિસ્ફોટક ઈન્ટરવ્યુમાં મમતા બેનર્જીએ રાજયોના મુખ્યમંત્રીઓ પર કેન્દ્રીય તપાસ એજન્સીઓ - ઈડી અને સીબીઆઈની કાર્યવાહીને લઈને મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. ઈન્ટરવ્યુમાં મમતા બેનર્જીએ શાંત સ્વરમાં કહ્યું કે જો તેઓ મને પણ જેલમાં મોકલશે તો હું તેના માટે તૈયાર છું.

ઈન્ટરવ્યુમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને પૂછવામાં આવ્યું હતું કે રાકેશ ટિકૈતે તાજેતરમાં કહ્યું હતું કે - કેજરીવાલ ગયા, હેમંત સોરેન ગયા, હવે મમતા બેનર્જીનો વારો છે. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે મુખ્ય પ્રધાને કહ્યું, "મમતા બેનર્જી કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર છે. મારું ઘર જેલ જેવું છે. તેનાથી મને કોઈ ફરક નથી પડતો. તેઓ મને જેલમાં મોકલી દેશે તે ડરથી હું બેસી રહેનારી નથી. "હું જેલમાં જઈશ તો મને થોડી રાહત મળશે. દેશની લોકશાહી માટે જેલમાં જવું સારું છે."

# સાયબર ફ્રોડ પર કડક કાર્યવાહી કરવા માટે નવા ધારા ધોરણ સાથેના પગલા લેવામાં આવશે : કેન્દ્ર સરકાર સંપૂર્ણ તૈયાર

નવી દિલ્હી,

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારે નેશનલ સાયબર સિક્યુરિટી એજન્સી અને કોલિંગ નામ પ્રેઝન્ટેશન લાવવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

ઈન્ટરનેટના આગમન પછી દેશમાં ડિજિટલ ક્રાંતિ આવી છે. જો કે, આ ડિજિટલ વિશ્વમાં સૌથી મોટો ખતરો ઓનલાઈન અને મોબાઈલ ફ્રોડ બની ગયો છે. દર વર્ષે લાખો લોકો સાયબર હુમલાનો ભોગ બને છે અને તેમની મહેનતથી કમાયેલી બચત ગુમાવે છે.

પરંતુ હવે કેન્દ્ર સરકારે સાયબર ફ્રોડ પર કડક કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. ઓનલાઈન અને મોબાઈલ ફ્રોડનો સામનો



કરવા માટે ભારત સરકારે એકસાથે અનેક મોરચે હુમલો કરવાની તૈયારી કરી છે. આમાં સરકારી અને ખાનગી ટેલિકોમ કંપનીઓ સાથે મળીને કામ કરશે. કૉલિંગ નેમ પ્રેઝન્ટેશન (CNAP) અને નેશનલ સાયબર સિક્યોરિટી એજન્સી (NCSA) બનાવવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે, જે ઓનલાઈન છેતરપિંડી સામે લડશે.

સૂત્રો નું માનીએ તો ખાનગી ટેલિકોમ કંપનીઓ પણ CNAP (કોલિંગ નેમ પ્રેઝન્ટેશન) અને NCSA (નેશનલ સાયબર સિક્યોરિટી એજન્સી)ના અમલીકરણમાં કેન્દ્ર સરકારને સંપૂર્ણ સહયોગ કરશે. આ બંને કામ નવી સરકાર બન્યાના ૧૦૦ દિવસમાં કરવામાં આવશે. સાયબર સિક્યોરિટી એજન્સી તમામ પ્રકારના ડિજિટલ ફ્રોડને રોકવા માટે કામ કરશે. તે ઘણા વિભાગો સાથે મળીને કામ કરશે. તે સાયબર હુમલા અને છેતરપિંડીથી બચવા માટે ઘણી વસ્તુઓ વિકસાવશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ટેકનોલોજીની મદદથી નાના ઉદ્યોગો અને સામાન્ય માણસને બચાવવાનો રહેશે.

# મારી ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે હેમંત સોરેને કોર્ટમાં જામીન અરજી કરી

રાંચી,

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન મની લોન્ડરિંગ કેસમાં જેલમાં છે. દરમિયાન, મંગળવારે તેણે રાંચીની વિશેષ અદાલત સમક્ષ જામીન અરજી દાખલ કરી હતી. આ દરમિયાન તેણે આરોપ લગાવ્યો કે તેની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે. તેમની ધરપકડ તેમને ભાજપમાં સામેલ કરવાના સુનિયોજિત કાવતરાનો ભાગ હતો. નોંધનીય છે કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઈડીએ કથિત જમીન કૌભાંડ કેસમાં સોરેનની ધરપકડ કરી હતી.

સોરેન વતી પીએમએલએ કોર્ટમાં હાજર થયેલા વકીલ અરુણાભ ચૌધરીએ દાખલ કરેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે સોરેન સામે નોંધાયેલ કેસ અને તેમની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે. કેન્દ્ર સરકાર વિપક્ષના અગ્રણી નેતાઓને ડરાવવા, ધમકાવવા અને અપમાનિત કરવાનું કાવતરું ઘડી રહી છે અને આ ધરપકડ પણ એ જ સુનિયોજિત કાવતરાનો એક ભાગ છે. જેથી તેમને ભાજપમાં જોડાવા અથવા એનડીએનો ભાગ બનવા માટે દબાણ કરી શકાય. કોર્ટે સુનાવણીની આગામી તારીખ ૨૩ એપ્રિલ નક્કી કરી છે.

# ટીએમસીનો ઈલેક્શન મેનિફેસ્ટો જાહેર : બંગાળમાં એનઆરસી યુસીસી લાગુ નહીં કરવાની જાહેરાત

કોલકતા,

બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસીએ લોકસભા ચૂંટણી માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીના નેતા ડેરેક ઓ'બ્રાયન સહિત ઘણા વરિષ્ઠ નેતાઓએ મેનિફેસ્ટો બહાર પાડ્યો. પાર્ટીના ઘોષણાપત્રમાં જાહેરાત કરવામાં આવી છે કે બંગાળમાં એનઆરસી લાગુ કરવામાં આવશે નહીં. પાર્ટીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું છે, 'અમે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે અમારો મેનિફેસ્ટો જાહેર કરીને ખુશ છીએ. દીદીના શપથ સાથે અમે દરેક ભારતીયને રોજગાર, બધાને ઘર, મફત એલપીજી સિલિન્ડર, ખેડૂતોને એમએસપી,એસસી એસટી અને ઓબીસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ખાતરી આપવાના શપથ લઈએ છીએ. અમે સાથે મળીને ભાજપના જમીનદારોને જડમૂળથી ઉખેડી નાખીશું અને બધા માટે ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરીશું.

ટીએમસીએ તેના ઢંઢેરામાં સીએએ કાયદાને રદ કરવાનું વચન આપ્યું છે અને એનઆરસીને લાગુ કરવાની મંજૂરી આપી નથી. એવું પણ વચન આપવામાં આવ્યું છે કે દેશમાં ક્યાંય પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવામાં આવશે નહીં. ટીએમસીના મેનિફેસ્ટોમાં તમામ જોબ કાર્ડ ધારકોને ૧૦૦ દિવસની રોજગાર ગેરંટી આપવા અને કામદારોને દરરોજ ૪૦૦ રૂપિયાનું લઘુત્તમ વેતન આપવાની વાત કરવામાં આવી છે.તમામ બીપીએલ પરિવારોને દર વર્ષે ૧૦ મફત એલપીજી સિલિન્ડર આપવામાં આવશે.તમામ રેશનકાર્ડ ધારકોને દર મહિને પાંચ કિલો રાશન મફત આપવામાં આવશે.

# રવિ કિશન પર ગંભીર આરોપ લગાવનાર મહિલા વિરુદ્ધ FIR

ગોરખપુર,

લોકસભા ચૂંટણી પહેલા ગોરખપુરથી ભાજપના ઉમેદવાર રવિ કિશન વિવાદમાં છે. વાસ્તવમાં, એક મહિલાએ તેમના પર ગંભીર આરોપ લગાવ્યા હતા, જે પછી રવિ કિશનની પત્નીએ આરોપ લગાવનાર મહિલા વિરુદ્ધ બ્લેકમેલિંગની ફરિયાદ નોંધાવી છે.

રવિ કિશનની પત્ની તેમના બચાવમાં આવી છે. રવિ કિશન પર આરોપ લગાવવાના કાવતરામાં સપા નેતાનો હાથ હોવાના સમાચાર છે. રવિ કિશન પર આરોપ લગાવનારી મહિલા વિરુદ્ધ પણ ફ્રૈંઈ નોંધવામાં આવી છે. રવિ કિશનની પત્નીએ પોલીસમાં બ્લેકમેલિંગની ફરિયાદ કરી છે. પ્રીતિ શુક્લાએ કહ્યું કે એક વર્ષ પહેલા પણ તેણે આ મહિલા વિરુદ્ધ મુંબઈ પોલીસમાં બ્લેકમેલિંગની ફરિયાદ કરી હતી. ચૂંટણી સમયે મહિલા પર આક્ષેપો કરીને ચૂંટણી લડી રહેલા રવિ કિશનની છબી ખરાબ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

આ કેસમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે એસપી અધિકારી વિવેક અને એક યુટ્યુબર ખુર્શીદ ખાન ષડયંત્રના મુખ્ય ગુનેગાર છે. આ કેસમાં આરોપ લગાવનાર મહિલાના પતિ, પુત્રી અને પુત્ર અપર્ણા સોની પણ આરોપી છે.

# બેરોજગારી, મોંઘવારી અને ભાગીદારી, આ ત્રણ મુખ્ય મુદ્દાઓ પર ઈન્ડિયા ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે : રાહુલ

ગાઝિયાબાદ,

કોંગ્રેસના નેતા અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે બુધવારે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન તેમણે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ ભ્રષ્ટાચારીઓનું ગોદામ બની ગયું છે. લુટ અને જુઠ્ઠાણું ભાજપની ઓળખ બની ગઈ છે. આવનારી ચૂંટણીમાં ભાજપનો સફાયો થવાનો છે.

જેમાં રાહુલ ગાંધી અને અખિલેશ યાદવે કહ્યું હતું કે ગઠબંધન



ગાઝિયાબાદથી ગાઝીપુર સુધી એનડીએને હરાવી દેશે. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે આ વખતે એનડીએ સરકાર ૧૫૦ સીટો સુધી મર્યાદિત રહેશે. અખિલેશ યાદવે કહ્યું કે તે ૨૦૧૪માં આવ્યો હતો અને ૨૦૨૪માં જતો રહેશે અને આ વખતે વિદાય પણ બેન્ડ સાથે થશે. આ અવસરે કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેત, બાગપતથી ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર પંડિત અમરપાલ શર્મા, પૂર્વ સપા મંત્રી શાહિદ મંજૂર પણ હાજર હતા. પત્રકારોને સંબોધતા અખિલેશ યાદવે પહેલા કહ્યું કે આ વખતે પરિવર્તનનો પવન પશ્ચિમમાંથી આવ્યો છે. જનતા ભાજપના જુઠ્ઠાણા અને તૂટેલા વચનોથી કંટાળી ગઈ છે. અખિલેશ યાદવે કહ્યું કે ચૂંટણી બોન્ડે બીજેપીની બેન્ડવાગન વગાડી છે. ભાજપ ભ્રષ્ટાચારીઓનું ગોદામ બની ગયું છે.

# જામનગરમાં ભવ્ય રામસવારીમાં હજારો રામભક્તો જોડાતા વાતાવરણ બન્યુ ભક્તિમય

## શહેરના રાજમાર્ગો પર ઠેર ઠેર સ્વાગત તેમજ પ્રસાદ વિતરણ : રામ, લક્ષ્મણી, જાનકી સહિતના ૨૬ ફલોટ્સ બન્યા આકર્ષણનું કેન્દ્ર










તસવીર: સુનિલ ચુડાસમા





જામનગર : જામનગર શહેરમાં પરંપરાગત રીતે મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ અને હિન્દુ ઉત્સવ સમિતિના નેજા હેઠળ તેતાલીસમી રામસવારીનું આયોજન હાથ ધરાયું હતું. ગઈકાલે રામનવમીના પવિત્ર તહેવારને અનુલક્ષીને ભવ્ય રામ સવારી યોજાઈ હતી. સુપ્રસિધ્ધ બાલા હનુમાનજીના મંદિરેથી રામ સવારીનો પ્રારંભ થયો હતો. જેમાં બાલા હનુમાન મંદિરના પુજારી ઉપરાંત મંદિરના ટ્રસ્ટી વિનુભાઈ તન્ના વિગેરેએ પાલખીનું સ્વાગત અને પૂજન કર્યું હતું, આ વેળાએ હિન્દુ ઉત્સવ સમિતિના કાર્યકારી અધ્યક્ષ ધીરૂભાઈ કનખરા, જામનગર શહેરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તેમજ રીવાબા જાડેજા, ખંભાળિયા વિસ્તારના પૂર્વ કોંગી ધારાસભ્ય વિક્રમભાઈ માડમ, જામનગર લોકસભા વિસ્તારના કોંગી ઉમેદવાર જે. પી. મારવીયા, ભાજપના શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, મહામંત્રી પ્રકાશભાઈ બાંભણિયા, વિજયસિંહ જેઠવા, મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, સ્ટે. ચેરમેન નિલેશભાઈ કગથરા, જામનગર મહાનગરપાલિકાના દંડક કેતનભાઈ નાખવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન મનિષભાઈ કનખરા, પૂર્વ મેયર પ્રતિભાબેન કનખરા, વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, શહેર કોંગી પ્રમુખ દિગુભા જાડેજા, મહામંત્રી ભરતસિંહ વાળા, તથા કોંગ્રેસ પાર્ટીના અન્ય હોદ્દેદારો વગેરે હાજર રહ્યા હતા, અને પ્રસ્થાન કરાવ્યું હતું તેમજ શોભાયાત્રાના માર્ગ પર શ્રી રામ - લક્ષ્મણ - જાનકીની પાલખીનું પૂજન કર્યુ હતું.

આ વર્ષે રામસવારીમાં મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ દ્વારા ભગવાન શ્રી રામ - લક્ષ્મણ - જાનકીની મુખ્ય પાલખી વન્ય કુટિર સાથેનો લીલા રંગથી સુશોભીત એવા અત્યંત આકર્ષક ફલોટ્સ તૈયાર કરવામાં આવ્યો હતો અને સમગ્ર ફલોટ્સને લીલા વસ્ત્રોથી તેમજ ફૂલ-ઝાડ સાથે અને ભવ્ય લાઈટીંગ સહિત સુશોભન સાથેનો આકર્ષક રથ તૈયાર કરવામાં આવ્યો હતો. સાથો સાથ ડીજે સીસ્ટમ - પ્રસાદ વિતરણ સહિતના અલગ અલગ ફલોટસ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત,શિવ સેના, તાડીયા હનુમાન મિત્ર મંડળ, ઓમ યુવક મંડળ, સતવારા સમાજ (કાલાવડ નાકા બહાર), રંગતાલી ગ્રુપ અને સહિયર ગ્રુપ, મહા સેના, હિન્દુ સેના, પ્રણામી યુવક મંડળ, ઓમ યુવક મંડળ, ડી. જે.સી.વાય. ગ્રૂપ, નાગેશ્વર મિત્ર મંડળ, વિરાટ બજરંગ દળ, રાજા મેલડી ગ્રુપ, શિવ શક્તિ ગ્રુપ, શ્રીરામ પ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ, ભગવા રક્ષક ગ્રુપ, પી. જે. એકેડેમી ગ્રુપ હિન્દુ સેના બાળ ગ્રૂપ સહિતના ૨૬ જેટલા સુંદર અને આકર્ષક ચલિત ફલોટ્સ જોડાયા હતા. જેના દર્શનનો લ્હાવો લેવા માટે સમગ્ર શોભાયાત્રાના રૂટ પર રામ ભકતોની હકડેઠઠ જનમેદની ઉમટેલી જોવા મળી હતી.

આ ઉપરાંત રામ સવારીના શોભાયાત્રાના રૂટ પર વિવિધ ઝાંખીઓના સ્થાયી ફલોટ્સ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં બાલા હનુમાન સંકિર્તન મંડળ ટ્રસ્ટ દ્વારા સ્વાગત પછી, ચૈતન્ય વાસણ ભંડાર, મોબાઈલ ઝોન (હવાઈ ચોક), હવાઈ ચોક મિત્ર મંડળ, હાલારી ભાનુશાળી જ્ઞાતિના સર્વે હોદ્દેદારો, લાયન્સ કલબ ઓફ જામનગર, બ્રહ્મદેવ સમાજ, સતી માતા મિત્ર મંડળ, તુલસી સેવા મંડળ, ભવાની યુવક મંડળ, નાગર ચકલા વેપારી એસોસીએશન, શકિત યુવક મંડળ, ગજકેસરી ગ્રુપ, શિવ મિત્ર મંડળ, પીપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ, જય માતાજી હોટલ ગ્રુપ, મહાલક્ષ્મી મિત્ર મંડળ, ગોકુળીયા હનુમાન મિત્ર મંડળ, ઔદિચ્ય ગઢિયા બ્રહ્મ સમાજ યુવક મંડળ, શ્રી હરીદાસ જીવણદાસ લાલ ચેરીટેબલ ટ્રસ્ટ, શીવ મિત્ર મંડળ, શ્રી યુવક મંડળ, સેન્ટ્રલ બેંક મીઠાઈ-ફરસાણ વેપારી એસોસીએશન, આશુતોષ મહાદેવ મિત્ર મંડળ, ઓમ યુવક મંડળ, પતંગીયા ફળી મિત્ર મંડળ, બર્ધન ચોક ગ્રૂપ (નિરવભાઈ), બ્રહ્મ ક્ષત્રિય યુવક મંડળ, બ્રહ્મક્ષત્રિય કંસારા મંડળ, સુખરામદાસ ગ્રૂપ, સીંધી માર્કેટ વેપારી એસોસીએશન, બજરંગ મિત્ર મંડળ, રાણા મિત્ર મંડળ, દાજીબાપુ શેરી ગ્રૂપ, જામના ડેરા મિત્ર મંડળ, સતવારા સમાજ (કાલાવડ નાકા બહાર), રાજેન્દ્ર રોડ વેપારી એસો., ગણેશ મરાઠા મંડળ, શ્રીરામ પરિવાર, શિવ શકિત હોટલ ગ્રૂપ, વાઘેશ્વરી માતાજી મંદિર (સોની સમાજ), ગણેશફળી મિત્ર મંડળ, કોમી એકતા ગ્રૂપ (અલુ પટેલ યુનુસ શમા), પંકજ સોઢા ફાઉન્ડેશન, સમસ્ત ભોઈરાજ ગ્રુપ, દિપક ટોકીઝ રીક્ષા એસો., પંજાબ બેંક રીક્ષા એસો., ચૌહાણ ફળી મિત્ર મંડળ, હર્ષીદા ગરબી મંડળ, ત્રિશુલ મિત્ર મંડળ, શિવશકિત સાંસ્કૃતિક સેવા ટ્રસ્ટ, જયદેવભાઈ ભટ્ટ, સ્વામિનારાયણ મંદિર- કોઠારી સ્વામી ચતુર્ભુજદાસજી મહારાજ, સમસ્ત કડિયા જ્ઞાતિ (નવીનભાઈ- પીન્ટુભાઈ) બનાસ અલ્પાહર (નારસંગભાઈ ગ્રુપ), વંડાફળી યુવક મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ- જામનગર, યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર, ઓમ કાળેશ્વર મહાદેવ મિત્ર મંડળ, રામજી મંદિર લોહાણા મહાજન જ્ઞાતિ - પંચેશ્વર ટાવર દ્વારા શોભાયાત્રાના રૂટ પર ઠંડા પીણાં - સરબત - પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટના પ્રમુખ રાજેશ વ્યાસ (રાજુભાઈ મહાદેવ)ના માર્ગદર્શન હેઠળની આ વખતે સતત તેતાલીસમાં વર્ષે યોજાનારી રામસવારીના સફળ સંચાલન માટે એક સંકલન અને સંચાલન સમિતિની રચના કરવામાં હતી છે. જેના કન્વીનર તરીકે પી. એમ. જાડેજા તથા સહકન્વીનર તરીકે મૃગેશભાઈ દવે તેમજ ધવલભાઈ નાખવાની નિયુકતી કરવામાં આવી હતી. જેમની આગેવાનીમાં ૫૩ કાર્યકરોની સમિતિ દ્વારા રામસવારીનું સંચાલન કરાયું હતું.

શોભાયાત્રા પંચેશ્વર ટાવર પાસે આવેલા શ્રી રામ મંદિર પાસે લોહાણા સમાજ મહામંત્રી રમેશભાઈ દત્તાણી, ઉપરાંત મનોજ અમલાણી, લોહાણા મહાજન જ્ઞાતિના કારોબારી સભ્ય હેમલ ચોટાઈ, નિલેષ ચંદારાણા, અનિલ ગોકાણી, નિલેશ ઠકરાર, રાજુભાઈ હિંડોચા, મધુભાઈ, અતુલભાઈ, રાજુ પતાણી, રાજુ ગોંદિયા, ભરતભાઈ કાનાબાર તથા બહેનો સહિતના લોહાણા મહાજન અગ્રણીઓએ ફૂલહારથી રામરથનું સ્વાગત કરી પૂર્ણાહુતિ કરાવી હતી.

# જામનગર શહેરના ત્રણ શખ્સો બનાસકાંઠાના અમીરગઢ ચેકપોસ્ટ પરથી એક કરોડ ઉપરાંતના ડ્રગ્સ સાથે ઝડપાયા




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈ આચારસંહિતાની અમલવારી કરવા સમગ્ર તંત્ર કમર કસી રહયું છે. તમામ જગ્યાએ દારૂ તેમજ ડ્રગ્સ જેવી પ્રવૃતિઓ પર બાજનજર રાખવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે રાજસ્થાનને જોડતી સરહદ પરથી જામનગરના ત્રણ શખ્સો એક મોટરકાર મારફત ગુજરાતમાં ઘૂસ્યા હતા. જેને બનાસકાંઠા નજીકની ચેક પોસ્ટ પાસે રોકવામાં આવ્યા હતા અને કારની તલાશી લેતાં તેમાંથી એક કરોડ ઉપરાંતની કિંમતનો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. જેથી મુદામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી છે.

ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલાં બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ ઘણી બધી બાબતો માટે ચર્ચાઓમાં રહેતી હોય છે. આ ચેકપોસ્ટ પરની પોલીસે જાહેર કર્યું છે કે, એક કારમાંથી ૧.૭૨૦ કિલોગ્રામ ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું છે. આ કાર જામનગર પાસિંગ ધરાવે છે. રાજસ્થાનથી આવી રહેલી આ કારમાં સવાર ત્રણેય શખ્સો જામનગરના છે. ડ્રગ્સના આ જથ્થાની કિંમત રૂ. ૧.૦૭ કરોડ આંકવામાં આવી છે અને આ ડ્રગ્સ મેફેડ્રોન હોવાનું જાહેર થયું છે. આ શખ્સોએ આ ડ્રગ્સ કયાંથી, કોની પાસેથી લીધું અને ક્યાં લઈ જવામાં આવતું હતું વગેરે વિગતો તપાસમાં ખૂલી શકે. અમીરગઢ પોલીસના જણાવ્યા અનુસાર, આ શખ્સોના નામ ઈસરાક આરિફ બલોચ (૬૫, અમન સોસાયટી, કાલાવડ નાકા બહાર, જામનગર), સોહેલ ઓસમાણ સંધિ (નદીપા, ત્રણ દરવાજા પાસે, જામનગર) અને અસલમ અબ્દુલસતાર દરજાદા ( શિશુવિહારવાળી શેરી, લીમડા લાઈન, જામનગર). એવું માનવામાં આવે છે કે, આ શખ્સો અજમેર તરફથી આવી રહ્યા હતાં. આ ક્રેટા કારનો નંબર જીજે૧૦–ડીજે–૩૪૪૮ છે. જેમાંથી આ ડ્રગ્સ મળી આવ્યું હોય પોલીસે કાર અને ડ્રગ્સ વગેરે મળી કુલ રૂ. ૧,૧૬,૪૯,૪૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે. આ ત્રણેય શખ્સો વિરુદ્ધ એનડીપીસી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, જામનગર અને ડ્રગ્સનો નાતો ઘનિષ્ઠ અને પુરાનો છે. સમગ્ર હાલાર પંથક ડ્રગ્સ અને દાણચોરી મુદ્દે દાયકાઓથી કુખ્યાત છે.

# ધ્રોલ પાસેથી બે કિલો ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લેતી એસઓજી

જામનગર : જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન શરૂ કર્યું છે, જેના અનુસંધાને એસ.ઓ.જી. ની ટુકડીએ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર વોચ ગોઠવી નશીલા પદાર્થ બે કિલો જેટલા ગાંજાના જથ્થા સાથે ધ્રોળ અને જામનગર તરફ આવી રહેલા બે શખ્સોને અટકાયતમાં લઈ લીધા છે, અને તેઓ પાસેથી બે કિલોથી વધુ ગાંજાનો જથ્થો કબજે કરી લીધો છે.


જામનગરની એસ.ઓ.જી. શાખાના પી.આઈ. બી. એન. ચૌધરીની ટીમ દ્વારા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, અને નસીલા પદાર્થ ના વિક્રેતાઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. જે અંતર્ગત ગઈકાલે મોડી રાત્રે જામનગર રાજકોટ ધોરી માર્ગ પરથી બે શખ્સોની અટકાયત કરી લેવામાં આવી છે.

એસ.ઓ.જી શાખાની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે ધ્રોલમાં રહેતો શાહ નવાજ ઈબ્રાહીમભાઈ શાહમદાર તેમજ જામનગરમાં રહેતો જાવીદ હાજીભાઈ ચાવડા કે જેઓ રાજકોટ તરફથી નસીલા પદાર્થ ગાંજાનો જથ્થો લઈને ધ્રોળ-જામનગર તરફ આવી રહ્યા છે, જે બાતમીના આધારે જામનગર જિલ્લાના ધ્રોલ રાજકોટ હાઈવે રોડ પર આવેલી એક ખાનગી હોટલ પાસે વોચ ગોઠવી હતી.

જે હોટલ પાસે બંને સક્ષો ઉતરવાના છે, તેવી બાતમી પરથી મોડી રાત્રે વોચગોઠવી મોડી રાત્રે બંનેને ઝડપી લેવાયા હતા, તેઓ બંનેના કબ્જામાંથી માદક પદાર્થ બે કિલો ગાંજા નો જથ્થો મળી આવ્યો હતો, જેથી એસ.ઓ.જી.ની ટુકડી એ વીસ હજાર રૂપિયાની કિંમતનો ગાંજો અને તેના મુદ્દામાલ સહિતની રૂપિયા ૩૦,૭૦૦ની માલમતા કબજે કરી છે, અને બંને સામે ધ્રોલ પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુન્હો દાખલ કરાવી બંનેની વિશેષ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# જામનગરમાં સોલાર રૂફટોફ માટેના વીજ મિટર મુદ્દે વિજ કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ

## જુનિયર ઈજનેરે સોલાર એજન્સીના સંચાલક વિરૂદ્ધ નોંધાવી ફરજમાં રૂકાવટની ફરિયાદ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે પ્રધાનમંત્રી જિબલી ફ્રી યોજના બહાર પાડી હતી. જે અંતર્ગત પોતાના ઘર ઉપર સોલાર રૂફટોફ લગાડનાર ગ્રાહકને ૬૦ ટકા જેટલી સબસીડી આપવામાં આવે છે અનેઆ કારણોસર ખાસ કરીને નગરસીમ સબ ડીવીઝન અને ગોકુલનગર સબ ડીવીજન, દરબારગઢ સબ ડીવીઝન વિસ્તારમાં એકી સાથે મોટી સંખ્યામાં અરજીઓ આવતાં આ અરજીઓનો વિજ વિભાગે પણ સમયસર નિકાલ ન કરી શકતા વિજ કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણના બનાવો પણ વધ્યા છે.

આવો જ એક બનાવ ગોકુલનગર સબ ડીવીઝનમાં નોંધાયો છે. ગોકુલનગર સબ ડીવીજનના જુનિયર ઈજનેર વીરમભાઈ ખીમાભાઈ કારેણાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૧૫.૪ ના રોજ તેઓ પોતાની ઓફિસે બેઠા હતા ત્યારે ઓક્ષેન એનર્જી સોલાર એજન્સીના એક ગ્રાહક તેમની સોલાર રૂફટોફ બાબતની પ્રોસેસની જાણકારી મેળવવા આવેલ અને માહિત મેળવી જતાં રહ્યા બાદ થોડીવારમાં ઓક્ષેન એનર્જીના સંચાલક બિપીનભાઈ સાવલિયા અને અન્ય એક વ્યકિત ઓફિસે આવી વિરમભાઈને તું મારી એજન્સી વિશે કેમ ખરાબ બોલશ અને તે મારી એજન્સીને ઢીલી કેમ કીધી તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી ગેર વર્તન કરી તું બહાર નિકળ જે તને મારી નાખવો છે તેમ કહી ત્યાંથી જતા રહ્યા હતાં. આ અંગે વિરમભાઈએ સીટી સી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે સોલાર એજન્સીના સંચાલક સહિત બે શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાણવડના ગ્રામ્ય વિસ્તારમાં એક જ દિવસમાં બે મગરના કરાયા રેસ્કયુ



ખંભાળિયા : ભાણવડના નવાગામ ખાતે નદીની નજીક ગામ વિસ્તારમાં અને ઝારેરા ગામે એક ખેડૂતની વાડીમાં ગત મોડી રાત્રે મગરે દેખા દેતા આ બંને સ્થળેથી ભાણવડના વન વિભાગ અને એનિમલ લવર્સ ગૃપને જાણ કરાઈ હતી.

આ અંગેની જાણ થતાં વન વિભાગના ફોરેસ્ટર ખીમભાઈ ચાવડા, રામદેભાઈ કોટા અને એનિમલ લવર્સના અશોકભાઈ ભટ્ટ, હુસેનભાઈ ભટ્ટી તુરંત આ બંને જગ્યાએ દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ મગરને રેસ્કયુ કરી, નજીકના બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા હતા.

આ સ્થળ પર હાજર લોકોને આવા કોઈ વન્યજીવ કે સરીસૃપ આસપાસ જોવા મળે તો તેને હેરાન કરવા કે મારવા નહિ પરંતુ રેસ્ક્યુ કરાવવા સંસ્થા દ્વારા અપીલ કરાઈ હતી.

# જામનગરની ખાનગી હોસ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડ અને સગા વચ્ચેનો મારામારીનો વિડિયો થયો વાયરલ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની એક ખાનગી હોસ્પિટલમાં આજે સિક્યોરિટી ગાર્ડ અને દર્દીના સગા વચ્ચે સામાન્ય બાબતની બોલાચાલીમાં છૂટા હાથની મારામારી થઈ હતી. જોકે અન્ય દર્દીના સગાઓએ મામલો થાળે પાડ્યો હતો.

જામનગરમાં સુમેંર ક્લબ રોડ પર આવેલી જેસીસી ખાનગી હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડ તેમજ દર્દીના સગા વચ્ચે સામાન્ય બાબતે બોલાચારી થયા પછી તંગ વાતાવરણ બની ગયું હતું, અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જયાં હાજર રહેલા અન્ય દર્દીના સગા એ તેમના ફોટા પણ પાડી લીધા હતા.

દરમિયાન ત્યાં હાજર રહેલા અન્ય લોકોએ સમજાવટ કરીને મામલો થાળે પાડ્યો હતો. જે ક્ષણો દરમિયાન હોસ્પિટલમાં ભારે તંગ વાતાવરણ બની ગયું હતું.